RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ જેઠ સુદ - ૪ | ગુરૂવાર તા.૧૮-૦૬-૨૦૨૬ | અંક : ૧૪૪ વર્ષ : ૨૧ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# યુદ્ધનો અંત લાવવા અમેરિકા અને ઈરાન વચ્ચે થયા કરાર

## ૧૪ મુદ્દાના શાંતિ કરાર ઉપર અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાનના રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનની હાજરીમાં કર્યા હસ્તાક્ષર



વર્સેલ્સ

યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચે દુશ્મનાવટનો અંત લાવવા માટે એક કરાર પર હસ્તાક્ષર થયા છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને ઈરાની રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાન વચ્ચે થયેલ આ કરાર પ્રાદેશિક તણાવ ઓછો કરવાના નક્કર સંકેતો આપે છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને આ કરારને શાંતિ તરફ એક મોટું પગલું ગણાવ્યું છે.

પશ્ચિમ એશિયામાં ૧૧૧ દિવસથી ચાલી રહેલા તણાવનો અંત લાવવાના નક્કર સંકેતો છે. ૭૭ સમિટ માટે ફ્રાન્સની મુલાકાતે આવેલા યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના ફ્રેન્ચ સમકક્ષ મેક્રોનની હાજરીમાં વર્સેલ્સમાં યુદ્ધનો અંત લાવવાના કરાર પર હસ્તાક્ષર કર્યા. રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને ઈરાન વતી હસ્તાક્ષર કર્યા. જોકે, પેઝેશ્કિયાન તેહરાનમાં રહ્યા, અને પ્રક્રિયા ડિજિટલી પૂર્ણ થઈ. હસ્તાક્ષરિત સમજૂતી પત્રમાં ૧૪ મુદ્દાઓનો સમાવેશ થાય છે.

ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આ પગલાનું સ્વાગત કર્યું, તેને સ્થાયી શાંતિ તરફ એક મુખ્ય અને જરૂરી પગલું ગણાવ્યું. આ કરાર હેઠળ, હોર્મુઝ સ્ટ્રેટને વાણિજ્યિક જહાજો માટે ફરીથી ખોલવામાં આવશે. આનાથી વૈશ્વિક તેલ અને ઉર્જાના ભાવમાં ઘટાડો થવાની અને વૈશ્વિક બજારને રાહત મળવાની અપેક્ષા છે.

વ્હાઈટ હાઉસે એક વીડિયો પણ બહાર પાડ્યો છે જેમાં ટ્રમ્પ મેક્રોન સાથે બેસીને દસ્તાવેજ પર હસ્તાક્ષર કરી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, ટ્રમ્પ અને ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિઆને આ ૧૪-મુદ્દાના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. પેઝેશ્કિઆને વર્ચ્યુઅલી એટલે કે ઓનલાઈન હસ્તાક્ષર કર્યા હતા. આ કરારનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેની દુશ્મનાવટનો અંત લાવવાનો છે. આ કરાર તાત્કાલિક અમલમાં આવે છે.

ઓમાન અને અન્ય ઘણા દેશોએ વાટાઘાટોમાં મદદ કરી. ઈરાનના વિદેશ મંત્રાલયે પણ આ કરાર પૂર્ણ થવાની પુષ્ટિ કરી છે.

આ ૧૪-મુદ્દાના કરારમાં ઘણા મુખ્ય નિર્ણયો શામેલ છે. પ્રથમ, બંને દેશો લેબનોન સહિત તમામ લશ્કરી કામગીરી તાત્કાલિક બંધ કરશે. અંતિમ અને સંપૂર્ણ કરાર પર પહોંચવાની પ્રક્રિયા આગામી ૬૦ દિવસમાં શરૂ થશે. અમેરિકા તેની નૌકાદળ નાકાબંધી હટાવશે. આનાથી વેપારી જહાજો હોર્મુઝ સ્ટ્રેટમાંથી સુરક્ષિત રીતે પસાર થઈ શકશે.આ કરાર ઈરાનને નોંધપાત્ર આર્થિક રાહત આપે છે. ઈરાન પર લાદવામાં આવેલા પ્રતિબંધો ધીમે ધીમે હટાવવામાં આવશે.

## શાંતિ કરારમાં હોર્મુઝની ખાડી અંગેના મુદ્દાએ વધાર્યું વિશ્વના દેશોનું ટેન્શન

### કરારની શરતો મુજબ ફાઈનલ ડીલ થયા બાદ વાણિજ્યિક જહાજો પાસેથી ટોલ વસૂલવાની નીતિ અમલી બની શકે

નવી દિલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવા માટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાની રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન દ્વારા હસ્તાક્ષર કરાયેલા શરતોના ડ્રાફ્ટને સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યો છે. આ કરારમાં હોર્મુઝની ખાડીને ફરીથી ખોલવા અને ઈરાન પરના આર્થિક પ્રતિબંધો હળવા કરવા જેવી બાબતો સામેલ છે. જોકે, આ ૧૪ પોઈન્ટના કરારમાંથી પાંચમો પોઈન્ટ સૌથી વધુ ધ્યાન ખેંચી રહ્યો છે, કારણ કે તેમાં હાલમાં તો જહાજો પર કોઈ ટોલ ટેક્સ ન લગાવવાનો ઉલ્લેખ છે, પરંતુ ભવિષ્યમાં ટોલ વસૂલવાની સંભાવનાઓને પણ નકારી શકાતી નથી. કરારના સત્તાવાર દસ્તાવેજના ૫મા મુદ્દામાં જણાવ્યા અનુસાર, 'આ કરાર પર હસ્તાક્ષર થયા બાદ ઈરાન એ સુનિશ્ચિત કરવાના તમામ પ્રયાસો કરશે કે કોમર્શિયલ (વાણિજ્યિક) જહાજો કોઈપણ પ્રકારના ટોલ ટેક્સ વગર માત્ર ૬૦ દિવસ માટે પર્શિયન ખાડીથી ઓમાન સાગર અને ઓમાન સાગરથી પર્શિયન ખાડી સુધી સુરક્ષિત રીતે અવરજવર કરી શકે.'આ મુદ્દામાં વધુમાં સ્પષ્ટતા કરાઈ છે કે, જહાજોની આ અવરજવર તાત્કાલિક અસરથી શરૂ કરી દેવામાં આવશે.



ભારતમાં ટકાઉ ખેતી પદ્ધતિઓ અને ખેતીલાયક જમીનના રક્ષણને પ્રોત્સાહન આપવા માટે શ્રીનગરના દાલ તળાવ પર એક બોટ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

# મધ્ય અને ઉત્તર ગુજરાતમાં ૧ થી ૬ ઈંચ વરસાદ

## મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં સૌથી વધુ છ ઈંચ વરસાદ ખાબકતા જળબંબાકારની સ્થિતિ : પંચમહાલ, વડોદરા સહિતના જિલ્લાઓમાં પડયો વરસાદ

અમદાવાદ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં મધ્ય અને ઉત્તર ગુજરાતના વિવિધ ભાગોમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. મહીસાગર જિલ્લાના બાલાસિનોરમાં સૌથી વધુ પોણા ૬ ઈંચ જેટલો ભારે વરસાદ ખાબકતાં જળબંબોળની સ્થિતિ સર્જાઈ છે.

આ ઉપરાંત અરવલ્લી, ખેડા, પંચમહાલ અને વડોદરા જિલ્લાના અનેક તાલુકાઓમાં પણ મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી છે, જેના કારણે ગરમીથી રાહત મળવાની સાથે ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે.

સરકારી આંકડા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં મહીસાગરના બાલાસિનોરમાં સૌથી વધુ ૧૪૭ મીમી (૫.૭૯ ઈંચ) વરસાદ નોંધાયો છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાને કારણે વાહનચાલકો અને સ્થાનિક લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.અરવલ્લી જિલ્લાના ભિલોડામાં ૭૫ મીમી (૨.૯૫ ઈંચ) અને ધનસુરામાં ૬૬ મીમી (૨.૬૦ ઈંચ) વરસાદ પડ્યો છે, જ્યારે સાઠંબા, બાયડ અને મોડાસામાં પણ



હળવોથી મધ્યમ વરસાદ ચાલુ રહ્યો છે. બીજી તરફ, ખેડા જિલ્લાના ગળતેશ્વરમાં ૫૭ મીમી અને કપડવંજમાં ૫૫ મીમી વરસાદ ખાબક્યો છે. નડિયાદ, મહુધા અને કઠલાલમાં પણ વરસાદી માહોલ જામ્યો છે.

આ ઉપરાંત અન્ય વિસ્તારોની વાત કરીએ તો, મહેસાણાના સતલાસણા તાલુકામાં ૭૩ મીમી (૨.૮૭ ઈંચ) અને ખેરાલુમાં ૨૦ મીમી વરસાદ નોંધાયો છે. વડોદરાના દેસરમાં ૫૩ મીમી, જ્યારે પંચમહાલના ઘોઘંબામાં ૫૨ મીમી અને જાંબુઘોડામાં ૫૧ મીમી વરસાદ નોંધાયો છે. આ સાથે જ ગોધરા અને હાલોલમાં પણ વરસાદી ઝાપટાં પડ્યા છે. છોટાઉદેપુરના કડવાલમાં ૪૯ મીમી વરસાદ થયો છે, જ્યારે દાહોદના દેવગઢબારિયા અને ધાનપુરમાં ધીમી ધારે વરસાદ થયો હતો.

# દક્ષિણથી લઈને ઉત્તર ભારતમાં નૈઋત્યના ચોમાસાની ગતિવિધિ

## ભારતના અનેક રાજ્યોમાં વરસાદ પડવાની હવામાન વિભાગની આગાહી

નવી દિલ્હી

ભારતમાં ધીમે ધીમે ચોમાસાનું વાતાવરણ બની રહ્યું છે. દક્ષિણથી લઈને ઉત્તર ભારત સુધી વરસાદની અસર જોવા મળી રહી છે. કેરળ અને તમિલનાડુમાં હળવાથી મધ્યમ વરસાદની સાથે કેટલાક સ્થળો પર ભારે વરસાદની સંભાવના બનેલી છે. ત્યાં જ કર્ણાટક, આંધ્રપ્રદેશ, આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહ, પશ્ચિમી હિમાલયન ક્ષેત્ર, રાજસ્થાન અને પશ્ચિમ બંગાળના કેટલાક ભાગોમાં પણ વરસાદનો દોર ચાલુ રહી શકે છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે ઉત્તર ભારતમાં દિલ્હી, પંજાબ અને હરિયાણામાં વાદળોની અવરજવરની સાથે હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. મધ્યપ્રદેશ, દક્ષિણ છત્તીસગઢ, ઉત્તર પ્રદેશ, ગુજરાત, વિદર્ભ તેમજ કોંકણ અને ગોવામાં પણ જુદા-જુદા સ્થળો પર હળવા વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દક્ષિણ-પશ્ચિમ ચોમાસુંને તેલંગાણા, ઓડિશા, ઝારખંડ, બિહાર અને છત્તીસગઢના કેટલાક વધુ ભાગોમાં આગામી ૪ થી ૫ દિવસો દરમિયાન આગળ વધવા માટે પરિસ્થિતિઓ અનુકૂળ બનેલી છે. તેનો અર્થ એ છે કે આગામી દિવસોમાં ચોમાસાનો વ્યાપ વધુ ઝડપથી વિસ્તરી શકે છે.

નિષ્ણાતોનું કહેવું છે કે હવામાન પ્રણાલી સતત સક્રિય બનેલી છે, જેના કારણે દેશના વિવિધ ભાગોમાં ભેજ અને વાદળોનો પ્રભાવ બનેલો છે. આ સ્થિતિમાં ક્યાંક હળવો તો ક્યાંક મધ્યમ વરસાદ જોવા મળી શકે છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના પણ બનેલી છે. હવામાન વિભાગે ૧૮ જૂનથી ઉત્તર-પશ્ચિમ ભારતની નજીક એક નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પહોંચવાની સંભાવના પણ વ્યક્ત કરી છે, જેનાથી આગામી દિવસોમાં હવામાનની સ્થિતિ વધુ પ્રભાવિત થઈ શકે છે.

# હિમાચલ પ્રદેશમાં બોલેરો વાહન ખીણમાં પડી જતા સાત લોકોના ઘટના સ્થળે મોત

## મુંડન સમારોહમાંથી પરત ફરી રહેલા પરિવારને નડ્યો અકસ્માત

ચંબા

હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં ચંબા-માસરુંદ રોડ પર છત્રાંડ નજીક આજે એક બોલેરો વાહન કાબુ ગુમાવી દેતાં ૫૦૦ મીટર ઊંડા ખાડામાં પડી ગયું. તેમાં સવાર તમામ સાત લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. આ અકસ્માતથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

પ્રાપ્ત અહેવાલો અનુસાર, બોલેરો (HP-01C-2581)માં ગ્રામ મહલ પંચાયતના સપ્રોથ ગામના છ લોકો, ત્રણ મહિલાઓ અને ત્રણ પુરુષો સવાર હતા, જે ડ્રાઈવર સાથે હતા. તેઓ કાકડોથા ગામમાં મુંડન સમારોહમાં હાજરી આપીને ઘરે પરત ફરી રહ્યા હતા. છત્રાંડ નજીક વાહન કાબુ ગુમાવી દીધું અને રસ્તા પરથી ઉતરી ગયું અને ખાડામાં પડી ગયું. ખાડો આશરે ૫૦૦ મીટર ઊંડો હોવાનો અંદાજ છે.

અકસ્માતની માહિતી મળતાં, સ્થાનિક વહીવટીતંત્ર, પોલીસ અને ગ્રામજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા. બચાવ અને રાહત કામગીરી તાત્કાલિક શરૂ કરવામાં આવી હતી. ભારે મુશ્કેલીથી તમામ સાતેય મૃતદેહોને ઊંડા કોતરમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. પોલીસે મૃતદેહોનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે જેથી મૃત્યુનું કારણ જાણી શકાય.

વહીવટીતંત્રે આ ભયાનક અકસ્માતની તપાસ શરૂ કરી છે. અકસ્માતનું કારણ નક્કી કરવા માટે પ્રાથમિક પ્રયાસો ચાલી રહ્યા છે. રસ્તાની સ્થિતિ, વાહનની ગતિ અથવા યાંત્રિક ખામી જેવા સંભવિત કારણોની તપાસ કરવામાં આવી રહી છે.



# રાજ્યવ્યાપી ડ્રગ્સ વિરોધી અભિયાન ચલાવવા રાજ્ય પોલીસ વડાનો આદેશ; સ્થાનિક પોલીસને પણ NDPS કેસો નોંધવાની જવાબદારી

## ડ્રગ્સ સંબંધિત ગુનાઓ સામે ગુજરાત સરકારની ઝીરો-ટોલરન્સ નીતિ અને નશીલા પદાર્થોના વેપાર તથા દુરુપયોગ સામે કડક અભિગમ

ગાંધીનગર,

નશીલા પદાર્થો (ડ્રગ્સ) સામેની લડતને વધુ આક્રમક બનાવવાનાં સંકેતરૂપે ગુજરાત પોલીસે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટાન્સિસ (NDPS) અધિનિયમ હેઠળની અમલવારી વધુ સઘન બનાવવાનો તથા રાજયભરમાં ડ્રગ્સ વિરોધી માળખાકીય વ્યવસ્થાનો વિસ્તાર કરવાનો નિર્ણય કર્યો છે.

ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમાં રાજ્ય પોલીસ વડા (DGP) શ્રી જી.એસ. મલિકે તમામ પોલીસ એકમોને ડ્રગ્સ સંબંધિત ગુનાઓ સામે વધુ સક્રિય અભિગમ અપનાવવા તથા સરકારની નીતિ અનુસાર ઓછી માત્રામાં નશીલા પદાર્થો મળતા કેસોમાં પણ કડક કાર્યવાહી સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી.

રાજયના પોલીસ વડાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ડ્રગ્સના વેપારીઓ અને પેડલરો પર સતત નજર રાખી, ગુપ્તચર માહિતી આધારિત કાર્યવાહી અને કડક અમલવારી દ્વારા ધોંસ બોલાવવા માટે જણાવ્યુ હતું. જેથી ડ્રગ્સના નેટવર્કને તોડી શકાય અને નશીલા પદાર્થોના ફેલાવાને અટકાવી શકાય. એક મહત્વપૂર્ણ નીતિગત નિર્ણય હેઠળ હવે NDPS ગુનાઓ શોધવાની અને નોંધવાની જવાબદારી માત્ર ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ (SOG) પૂરતી મર્યાદિત રહેશે નહીં. પરંતુ રાજયના તમામ સ્થાનિક પોલીસ સ્ટેશનોને તેમના વિસ્તારની અંદર ડ્રગ્સ સંબંધિત ગુનાઓ શોધવા, પકડવા અને નોંધવા માટે સક્રિય ભૂમિકા ભજવવાનો આદેશ આપવામાં આવ્યો છે.

આ સાથે ડ્રગ્સ વિરોધી કામગીરીને સ્થાનિક સ્તરે પોલીસિંગની મુખ્ય જવાબદારી બનાવવામાં આવી છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી ના નેતૃત્વમાં ગુજરાતે ડ્રગ્સ સંબંધિત ગુનાઓ સામે ઝીરો-ટોલરન્સ નીતિ અપનાવી છે અને નશીલા પદાર્થોના વેપાર તથા દુરુપયોગ સામે કડક વલણ અપનાવ્યું છે.

આ ઉચ્ચસ્તરીય બેઠકમાં એ પણ નિર્ણય લેવામાં આવ્યો કે જો કોઈ બાહ્ય એજન્સી દ્વારા કોઈ પોલીસ સ્ટેશનની હદમાં ડ્રગ્ઝ ગુનો નોંધાશે તો સંબંધિત અધિકારીઓની જવાબદારી નક્કી કરવામાં આવશે.

અમલવારી દરમિયાન પકડાયેલા ડ્રગ્સના વ્યસનીઓની પણ વિસ્તૃત પૂછપરછ કરવા માટે પોલીસ કર્મચારીઓને સૂચના આપવામાં આવી છે, જેથી સપ્લાય ચેઈન સુધી પહોંચી શકાય, સપ્લાયરોની ઓળખ કરી શકાય અને મોટા ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ કરી શકાય. નશીલા પદાર્થોના વેચાણ, વિતરણ અને હેરફેર સાથે સંકળાયેલા લોકો સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાત પોલીસ કાઉન્સેલિંગ અને પુનર્વસન માટે સહાય કરશે

કાયદાકીય કાર્યવાહી સાથે સાથે ગુજરાત પોલીસ નશાની લતથી પ્રભાવિત વ્યક્તિઓ માટે કાઉન્સેલિંગ અને પુનર્વસનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં સહયોગ આપશે,.

# અમદાવાદમાં CA દંપતીએ શેરબજારના નામે કૌટુંબિક સભ્યો સાથે કરી ૧૦ કરોડથી વધુની ઠગાઈ

ગાંધીનગર,

શેરબજારમાં રોકાણ પર ઊંચા નફાની લાલચ કરનાર લોકોને કરોડો ગુમાવા પડ્યા છે; અમદાવાદ શહેરમાં ૧૦ કરોડથી વધુની છેતરપિંડી આચરવાના એક મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. જગતપુર અને ગાંધીનગરમાં ઝ્છ ફર્મ ચલાવતા જવલીન નાયક અને તેની પત્ની બોસકી નાયકે આયોજનપૂર્વક પોતાના કૌટુંબિક મામા કૌશલ નાયક પાસેથી ૫.૯૧ કરોડ અને તેમના અન્ય સંબંધીઓ પાસેથી ૪.૪૪ કરોડ ખંખેરી લીધા હતા. આમ, કુલ ૧૦.૩૬ કરોડથી વધુ રકમ પડાવીને આ ઠગ દંપતીએ મોટી છેતરપિંડી આચરી હતી. એટલું જ નહીં, આરોપીઓએ છેતરપિંડીના હેતુથી ફરિયાદીના નામે એક બોગસ કંપની પણ ઊભી કરી દીધી હતી.

આ સમગ્ર કૌભાંડનો ભાંડો ત્યારે ફૂટ્યો જ્યારે ફરિયાદી કૌશલ નાયકે પોતાની દીકરીના યુએસએના વિઝા મેળવવા માટે આરોપીઓ પાસે પોતાના રૂપિયા પરત માંગ્યા હતા. આરોપીઓએ રૂપિયા આપવાના બદલે ફરિયાદીના બેંક એકાઉન્ટમાં ૫૦ લાખ જમા કરાવ્યા હોવાની એક બોગસ બેંક સ્લીપ પકડાવી દીધી હતી. આ અંગે જાણ થતાં આખરે ઈકોનોમિક ઓફેન્સ વિંગમાં ગુનો નોંધવામાં આવ્યો હતો અને પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી જવલીન અને બોસકીની ધરપકડ કરી હતી. પોલીસે બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરી ૨૧મી જૂન સુધીના રિમાન્ડ મેળવ્યા છે અને હવે તેઓએ આ ૧૦ કરોડથી વધુની રકમનું ક્યાં રોકાણ કર્યું છે તે અંગેની સઘન તપાસ શરૂ કરી છે.

આ અંગે ઈકોનોમિક ઓફેન્સ વિંગના એસીપી એ જણાવ્યું હતું કે, 'અમારી પાસે કૌશલ નાયક નામના વ્યક્તિએ પોતાના જ કુટુંબી ભાણિયા જોય ઉર્ફે જયપ્રકાશ નાયક અને તેની પત્ની બોસકી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. આ બંને આરોપીઓ વ્યવસાયે ઝ્છ છે અને તેમણે ફરિયાદીને મોટી કંપનીઓ સાથે કરાર હોવાનું જણાવી શેર માર્કેટમાં રોકાણ કરીને ૫૦% અથવા તો મહિને ૩% જેટલો નફો કમાઈ આપવાની લાલચ આપી હતી.

# દારૂ, ડ્રિંક એન્ડ ડ્રાઈવ અને શંકાસ્પદ તત્વો પર પોલીસની તવાઈ : અમદાવાદ ઝોન-૬માં મેગા ચેકિંગ

## ૧૦૦થી વધુ પાનના ગલ્લાઓ તેમજ ૬૦થી વધુ મેડિકલ સ્ટોર્સની પણ તપાસ કરવામાં આવી



અમદાવાદ,

પોલીસના ઝોન-૬ દ્વારા ૧૬ જૂન, ૨૦૨૬ના રોજ વ્યાપક કોમ્બિંગ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબૂત બનાવવા તેમજ અસામાજિક તત્વો પર નિયંત્રણ મેળવવાના હેતુથી વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ અને તપાસ કરવામાં આવી હતી.

કાર્યવાહી દરમિયાન પ્રતિબંધિત દારૂના કબજાના ૩ કેસ અને દારૂ પીવાના ૨ કેસ નોંધવામાં આવ્યા હતા. ઉપરાંત, પોલીસ દ્વારા ૩૧ હિસ્ટ્રીશીટરો, ૪૫ સ્ઝ્ઇ હેઠળ નોંધાયેલા ઈસમો, ૩૪ લિસ્ટેડ બુટલેગરો, ૭ લિસ્ટેડ જુગારીઓ અને ૭ તડીપાર કરાયેલા ઈસમોની ચકાસણી કરવામાં આવી હતી.

# શાળા શરૂ થયાને ૧૦ દિવસ થયા છતાં લાખો વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકોથી વંચિત : કોંગ્રેસ

## કોંગ્રેસે રાજ્ય સરકારની નીતિઓ અને શિક્ષણ વિભાગની ગંભીર બેદરકારી પર આકરા પ્રહારો કર્યા

અમદાવાદ,

ગુજરાતમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ ચૂક્યો છે, પરંતુ રાજ્યની શિક્ષણ વ્યવસ્થાને લઈને એક મોટો વિવાદ સામે આવ્યો છે. ત્યારે રાજ્ય સરકારની નીતિઓ અને શિક્ષણ વિભાગની ગંભીર બેદરકારી પર આકરા પ્રહારો કર્યા છે. શાળાઓ શરૂ થયાને ૧૦ દિવસ જેટલો સમય વીતી ગયો હોવા છતાં, રાજ્યના લાખો વિદ્યાર્થીઓ સુધી હજુ સુધી પાઠ્યપુસ્તકો પહોંચ્યા નથી.

હેમાંગ રાવલે પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, પુસ્તકો ન મળવાને કારણે ખાસ કરીને ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ સૌથી વધુ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. શાળાઓમાં શૈક્ષણિક કાર્ય શરૂ થઈ ગયું છે પરંતુ પુસ્તકોના અભાવે વિદ્યાર્થીઓનો અભ્યાસ સંપૂર્ણપણે અટકી પડ્યો છે. પુસ્તકો વિના શિક્ષકોને પણ નવો અભ્યાસક્રમ ચલાવવામાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

કોંગ્રેસે આંકડાકીય માહિતી આપતા ગંભીર આક્ષેપ કર્યો છે કે રાજ્યના કુલ ૨૦૮ સપ્લાય રૂટમાંથી માત્ર ૧૫ રૂટ પર જ પુસ્તકો પહોંચાડવામાં આવ્યા છે. બાકીના ૧૯૩ રૂટ અને રાજ્યના ૪૦૦થી વધુ વિતરણ કેન્દ્રો પર હજુ સુધી પુસ્તકોનો પત્તો જ નથી. સૌથી આઘાતજનક બાબત એ છે કે ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટેના વિનામૂલ્યે પાઠ્યપુસ્તકોનું છાપકામ પણ હજુ સુધી પૂર્ણ થયું નથી.

હેમાંગ રાવલે સરકારની દાનત પર સવાલ ઉઠાવતા કહ્યું કે, બજારમાં જે પુસ્તકો પૈસા દઈને વેચવાના છે, તેનું છાપકામ સમયસર પૂરું થઈ ગયું અને તે બજારમાં ઉપલબ્ધ પણ થઈ ગયા છે. પરંતુ, સરકારી શાળાઓમાં ભણતા એસસી એસટી આદિવાસી અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓ, જેમને મફત પુસ્તકો મળવાના છે, તેમના પુસ્તકો અટકાવી દેવાયા છે. આ સીધો પક્ષપાત અને ગરીબ વિરોધી માનસિકતા દર્શાવે છે.

એક તરફ સરકાર 'નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક' જેવા ભવ્ય અને કરોડોના ખર્ચે કાર્યક્રમો કરીને શિક્ષણમાં અમૂલ પરિવર્તનના મોટા-મોટા દાવાઓ કરે છે, અને બીજી તરફ વાસ્તવિકતા એ છે કે ગરીબ બાળકો પાસે ભણવા માટે પુસ્તકો પણ નથી. રાજ્યમાં શાળાઓ ૯ જૂનથી શરૂ થઈ ગઈ હોવા છતાં, ૧૬ જૂન સુધી પુસ્તકો ન પહોંચવા તે વહીવટી તંત્રની નિષ્ફળતા અને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થયેલો મોટો અન્યાય છે. આ મામલામાં માત્ર વહીવટી બેદરકારી જ નહીં, પરંતુ મોટી અન્યાયી નીતિઓ અને સંભવિત કૌભાંડની આશંકા પણ સેવાઈ રહી છે.

કોંગ્રેસે માંગ કરી છે કે સરકારે કોઈ પણ જાતના વિલંબ વિના યુદ્ધના ધોરણે પાઠ્યપુસ્તકોનું વિતરણ તાત્કાલિક પૂરું કરવું જોઈએ.

# નિયમોના ભંગ બદલ એસજી હાઈવે અને બોડકદેવની ૬ જાણીતી હોટેલો સીલ

## કોર્પોરેશનની કાર્યવાહીથી હોટેલ અને રેસ્ટોરન્ટ જગતમાં ફફડાટ

અમદાવાદ,

શહેરમાં આગની દુર્ઘટનાઓ અટકાવવા અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે એએમસીએ કડક ઝુંબેશ શરૂ કરી છે. ફાયર સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન કરનારી ૬ જાણીતી હોટેલોને તાત્કાલિક ધોરણે સીલ કરી દેવામાં આવી છે. કોર્પોરેશનની આ આકરી કાર્યવાહીથી હોટેલ અને રેસ્ટોરન્ટ જગતમાં ફફડાટ વ્યાપી ગયો છે.

એએમસીની ફાયર ઈમરજન્સી અને એસ્ટેટ વિભાગની નોર્થ-વેસ્ટ ઝોનની ટીમે પશ્ચિમ વિસ્તારના મુખ્ય વ્યાપારી કેન્દ્રો પર વિશેષ ઓડિટ હાથ ધર્યું હતું. આ તપાસ ગુજરાત ફાયર એક્ટ, જીડીસીઆર, એનબીસી અને બીઆઈએસની કડક માર્ગદર્શિકાઓ હેઠળ કરવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન હોટેલોના કિચન, ફાયર ફાઈટિંગ સિસ્ટમની કાર્યક્ષમતા, ઈમરજન્સી એક્ઝિટ અને લાઈફ સેફ્ટી વ્યવસ્થાઓમાં ગંભીર ખામીઓ અને નિયમોનો ભંગ જોવા મળ્યો હતો, જેના પગલે તંત્રએ સીલિંગના કડક પગલાં ભર્યા હતા.

જે હોટલો સીલ કરવામાં આવી છે તેમાં હોટેલ રુદ્ર (ન્યૂયોર્ક ટાવર, એસ.જી. હાઈવે, થલતેજ),હોટેલ ૪ ફૂડ (થલતેજ),હોટેલ કેપટાઉન (થલતેજ),એપોલો હોટેલ (બોડકદેવ),હોટેલ ગ્રાન્ટ (બોડકદેવ),હોટેલ લેક ઈન (ગુરુકુલ રોડ, વસ્ત્રાપુર)નો સમાવેશ થાય છે.

# મુખ્યમંત્રીના હસ્તે ૫૧ દ્વિચક્રી હેલ્થ યુનિટનું અને ૯ મોબાઈલ હેલ્થ યુનિટનું લોકાર્પણ

## મેડિકલ ટીમો ખાસ દ્વિચક્રી વાહનો અને મોબાઈલ હેલ્થ યુનિટ દ્વારા પહોંચીને લોકોની સારવાર અને આરોગ્ય તપાસ કરશે

અમદાવાદ,

રાજયના આદિવાસી અને દૂરદરાજના વિસ્તારોમાં આરોગ્ય સેવાઓને વધુ સુલભ બનાવવા માટે ગુજરાત સરકારે મહત્વપૂર્ણ પહેલ કરી છે. હવે જ્યાં સુધી પરંપરાગત આરોગ્ય સેવાઓ સરળતાથી પહોંચી શકતી ન હતી, ત્યાં સુધી મેડિકલ ટીમો ખાસ દ્વિચક્રી વાહનો અને મોબાઈલ હેલ્થ યુનિટ દ્વારા પહોંચીને લોકોની સારવાર અને આરોગ્ય તપાસ કરશે.

ગાંધીનગર ખાતે સચિવાલય સંકુલમાંથી ૫૧ દ્વિચક્રી હેલ્થ યુનિટ અને ૯ મોબાઈલ હેલ્થ યુનિટનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ નવી આરોગ્ય સેવા વ્યવસ્થા દ્વારા એવા વિસ્તારોને આવરી લેવામાં આવશે જ્યાં પહોંચવું મુશ્કેલ છે અને જ્યાં આરોગ્ય સુવિધાઓની જરૂરિયાત લાંબા સમયથી અનુભવાઈ રહી હતી.

આ મહત્વપૂર્ણ યોજનાનું લોકાર્પણ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, રાજયના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાના હસ્તે કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન આરોગ્ય સેવાઓને વધુ અસરકારક બનાવવા માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂકવામાં આવ્યો. ઘણા આદિવાસી અને પર્વતીય વિસ્તારોમાં રસ્તાઓની મર્યાદિત સુવિધાને કારણે મોટા વાહનો પહોંચી શકતા નથી. આવી સ્થિતિમાં દ્વિચક્રી હેલ્થ યુનિટ આરોગ્ય કર્મચારીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આ વાહનો મારફતે આરોગ્યકર્મીઓ જરૂરી દવાઓ, પ્રાથમિક સારવારની સામગ્રી અને આરોગ્ય તપાસની સુવિધા સાથે સીધા ગામડાં સુધી પહોંચી શકશે.

મોબાઈલ હેલ્થ યુનિટમાં આરોગ્ય તપાસ માટે જરૂરી સાધનો અને સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. જેના કારણે ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોના લોકોને સારવાર માટે શહેરો સુધી લાંબા અંતર કાપવાની જરૂરિયાત ઓછી થશે.

# સુરત : કોસંબા પોલીસ પર હુમલો કરનાર ૮ વોન્ટેડ આરોપીઓની અંતે ધરપકડ

## આરોપીઓએ પોલીસ સાથે ઘર્ષણ કરી જીવલેણ હુમલો કર્યો હતો

સુરત,

રાજયના પોલીસ મહાનિર્દેશક દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે જાહેર કરાયેલી ખાસ ઝુંબેશના ભાગરૂપે સુરત ગ્રામ્ય પોલીસ દ્વારા સઘન કામગીરી કરવામાં આવી છે. સુરત રેન્જ આઈજી પ્રેમ વીર સિંહ અને જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢિયાના માર્ગદર્શન હેઠળ એલસીબી પીઆઈ એન.જી.પાંચાણીની ટીમે વોન્ટેડ આરોપીઓને દબોચી લેવા માટે અલગ અલગ ટીમો બનાવી ચોક્કસ દિશામાં તપાસ શરૂ કરી હતી.

આ ઝુંબેશ દરમિયાન એલસીબી પીએસઆઈ એચ.સી.મસાણી અને તેમની ટીમને મળેલી ગુપ્ત માહિતીના આધારે ગત તા. ૨૬/૦૨/૨૦૨૬ના રોજ કોસંબા પોલીસ સ્ટેશન હદમાં આવેલા હથોડા ગામે પોલીસ પર હુમલો કરી ફરાર થયેલા ૮ આરોપીઓને ઝડપી લેવામાં સફળતા મળી છે.

સુરત જિલ્લા એલસીબી પીઆઈ નરેશ પાંચાણીના જણાવ્યા મુજબ, ગૌવંશ કતલની માહિતીના આધારે કોસંબા પોલીસ હથોડા ગામે તપાસ માટે પહોંચી હતી. તે સમયે આરોપીઓએ પોલીસ સાથે ઘર્ષણ કરી જીવલેણ હુમલો કર્યો હતો. રાયોટિંગ અને હત્યાના પ્રયાસના આ ગંભીર ગુનામાં સંડોવાયેલા અને ત્યારથી ફરાર રહેલા આ આરોપીઓને એલસીબીની ટીમે પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાતમાં ઉંદર અને અન્ય રોડન્ટ પકડવા માટે ઉપયોગમાં લેવાતા ગ્લુ ટ્રેપ પર સંપૂર્ણ પ્રતિબંધ

## પ્રાણી કલ્યાણ અને પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા રોકવા માટે ગુજરાત સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

ગાંધીનગર,

પ્રાણી કલ્યાણ અને પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા રોકવા માટે ગુજરાત સરકારે એક મહત્વપૂર્ણ અને કડક નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે હવે ઉંદર અને અન્ય રોડન્ટ પકડવા માટે ઉપયોગમાં લેવાતા ગ્લુ ટ્રેપ પર સંપૂર્ણ પ્રતિબંધ જાહેર કર્યો છે. આ પ્રતિબંધ હેઠળ ગ્લુ ટ્રેપનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ તેમજ ઉપયોગ ચારેય બાબતો પર રોક લગાવવામાં આવી છે.



વર્ષોથી ઘર, ઓફિસ, ગોડાઉન, ઉદ્યોગો અને વ્યાવસાયિક સંસ્થાઓમાં ઉંદરોને પકડવા માટે ગ્લુ ટ્રેપનો વ્યાપક ઉપયોગ થતો રહ્યો છે. દેખાવમાં સામાન્ય લાગતા આ ચિપકતા ફંદા પ્રાણીઓ માટે અત્યંત પીડાદાયક સાબિત થતા હોવાનું માનવામાં આવે છે. ગ્લુ ટ્રેપમાં ફસાયેલા ઉંદર કે અન્ય નાના પ્રાણીઓ લાંબા સમય સુધી બહાર નીકળી શકતા નથી. મુક્ત થવાના પ્રયાસમાં તેઓ ખુદને ગંભીર ઈજાઓ પહોંચાડે છે અને ઘણી વખત ભૂખ, તરસ, થાક અથવા અન્ય કારણોસર મૃત્યું પામે છે. રાજ્ય સરકારના ઠરાવમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, આવી પદ્ધતિ પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા સમાન છે અને તેને રોકવા માટે હવે કડક પગલાં લેવામાં આવશે. આ નિર્ણય પ્રાણી કલ્યાણ સંબંધિત સંસ્થાઓ અને પ્રાણી અધિકાર માટે કાર્યરત સંગઠનો દ્વારા લાંબા સમયથી કરવામાં આવતી માંગણીઓની પૃષ્ઠભૂમિમાં લેવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે.

# ખેડૂત અધિકાર સત્યાગ્રહ બાદ ખેડૂતોના મુદ્દે લાંબી લડત લડવામાં આવશે : લાલજીભાઈ દેસાઈ

## ખેડૂત આંદોલનમાં આમ આદમી પાર્ટી ભાજપની બી ટીમ સાબિત થઈ

અમદાવાદ,

ખેડૂત અધિકાર સત્યાગ્રહ બાદ ખેડૂતોના મુદ્દે લાંબી લડતની જાહેરાત કરતા અખિલ ભારતીય સેવાદળના રાષ્ટ્રિય અધ્યક્ષશ્રી લાલજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ખેડૂત આંદોલનમાં આમ આદમી પાર્ટી ભાજપની બી ટીમ સાબિત થઈ છે. છેલા ૬ મહિના ગામે ગામ જઈ કોંગ્રેસ ના સાથીઓ એ ખેડૂતો ને મળી સોમનાથ ટંકારા માં ટ્રેક્ટર યાત્રા કરી, ખેતરો ની વચ્ચે સોના ની થાળીમાં લોઢાની મેખ નાખી, અમારી લડત ને કારણે ૩૮ લાખ પ્રતિ થાંભલે ૫૫ લાખ આપવાની ઓફર થઈ હતી. વીજ પોલ માં તમને ફાવે તેવું વર્તન નહીં, ૨૦૧૩ ના કાયદા મુજબ બજાર ભાવ ના ૪ ગણા ભાવ આપો, કિસાન કોંગ્રેસ સંઘર્ષ સમિતિ ના નેજા હેઠળ આંદોલન શરૂ થયું હતું, ૧૧૧૧ ટ્રેક્ટર રેલી ની જાહેરાત કરી હતું. ભાજપ અને તેની ભગિની સંસ્થા ભારતીય કિસાન સંઘ એ કારસો કર્યો, આમ આદમી પાર્ટીને સ્પષ્ટ કહ્યું હતું કે સમર્થન કરવું હોય તો ખેડૂતો ના ખેતરમાં જઈ ને કરો, ટ્રેક્ટર રેલી જોઈ આગલા દિવસે જોડાવાની આમ આદમી પાર્ટી જાહેરાત કરે છે, રાજકીય સ્ટંટ કરવા, અને પીઠ માં ખંજર મારવાનું કામ કર્યું હતું. પોલીસ અને ખેડૂતો વચ્ચે લાઠી ચાર્જ ના થાય, મર જવાન મર કિસાન ના થયા માટે અમે ચૂપ રહ્યા, જેલ માં લાલજી દેસાઈ, પાલભાઈ આંબલિયા ગયા હશે અમે ક્યારેય ખેડૂતો પર અત્યાચાર નથી થવા દીધો, પાલભાઈ આંબલિયા ને લીંબડે બાંધી માર્યા હતા છતાં ખેડૂતો ને આંચ આવવા નથી દીધી, આપ પર અમને વિશ્વાસ નથી, એમને જે કરવું હતું તે કર્યું. ખેડૂતો ના મુદ્દા પર અમે લોકો મરણિયો જંગ ખેલવા તૈયાર છીએ. સરકાર ને અનેક ગણી ઘેરવાનો મક્કમ નિર્ધાર કર્યો છે. હવે પછી ની લડાઈ માં કિસાન કોંગ્રેસ ના નેતૃત્વ માં થશે. અમારા પર વિશ્વાસ હોય તો અમારી જોડે આવે નહી તો બીજી કોઈ પાર્ટી પાસે જાય પણ અમે લડીશું.

ખેડૂત અધિકાર સત્યાગ્રહ બાદ આગામી કાર્યક્રમોની જાહેરાત કરતા ગુજરાત પ્રદેશ કિસાન કોંગ્રેસના અધ્યક્ષ જયેશ પટેલે જણાવ્યું હતું કે, ખેડૂતો ના પ્રશ્ન પર આંદોલન ઊભું થયું હતું. આમ આદમી પાર્ટી દ્વારા આંદોલન ને ગેરમાર્ગે દોર્યું હતું. કાર્યક્રમ ની જાહેરાત પહેલા જ કરી હતી, ૧૫ જૂન નું જે આયોજન થયું હતું તે કરતા પણ વિશેષ પ્રકાર ના આયોજન થશે, ખેડૂતો ના નિરાકરણ માટે કિસાન કોંગ્રેસ દ્વારા તાલુકા કક્ષા એ આવેદન અને ધરણા કરવામાં આવશે.

# રાજ્ય સરકાર દ્વારા માનવ કલ્યાણ યોજના માટે આજથી ઈ-કુટીર પોર્ટલ નાગરિકો માટે ખુલ્લું મૂકાયું

## ઓનલાઈન ડ્રો અને ડિજિટલ 'ઈ-વાઉચર' પ્રણાલીથી લાભાર્થીઓ મનપસંદ અને ગુણવત્તાયુક્ત ટૂલકીટ જાતે ખરીદી શકશે

ગાંધીનગર,

"માનવ કલ્યાણ યોજના" અંતર્ગત અરજીઓ મેળવવા માટે નાગરિકો માટે આજથી "ઈ-કુટીર પોર્ટલ" ખુલ્લું મૂકવામાં આવ્યું છે. રાજ્યના નાના કારીગરો અને આર્થિક રીતે પછાત વર્ગના પરિવારોને સ્વરોજગારી પૂરી પાડવાના આશય સાથે આ યોજના અમલમાં મૂકવામાં આવી હતી. ગાંધીનગર ખાતેથી કુટીર ઉદ્યોગ મંત્રી શ્રી નરેશભાઈ પટેલના વરદ હસ્તે તેમજ કુટીર ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોરની પ્રેરક ઉપસ્થિતિમાં આ પોર્ટલ વિધિવત રીતે ખુલ્લું મૂકવામાં આવ્યું છે.



આ પ્રસંગે કુટીર ઉદ્યોગ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ, ગુજરાત સરકાર દ્વારા "માનવ કલ્યાણ યોજના"ને સંપૂર્ણપણે ડિજિટલ પ્લેટફોર્મ પર અમલી બનાવવામાં આવી છે. આ નવી વ્યવસ્થા હેઠળ લાભાર્થીઓની પસંદગી ઓનલાઈન ડ્રો દ્વારા પારદર્શક રીતે કરવામાં આવશે.

અરજદારો આ યોજના હેઠળ જુદા-જુદા ૧૦ ટ્રેડ માટે ઓનલાઈન અરજી કરી શકશે. ખાસ કરીને દિવ્યાંગ ભાઈ-બહેનોને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે. આ યોજના 'આત્મનિર્ભર ગુજરાત' દ્વારા 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરવામાં પાયાની ભૂમિકા ભજવશે અને છેવાડાના માનવીને આર્થિક રીતે સશક્ત બનાવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજયના નાના કારીગરોને સ્વરોજગારના સાધન-ઓજાર ખરીદવા માટે આ યોજના અંતર્ગત નાણાકીય સહાય રૂપે ઈ-વાઉચર આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે લાયકાત ધરાવતા સભ્યો ઓનલાઈન પોર્ટલ https://e-kutir.guja®a.gov.in/ પર જઈને પોતાની અરજી સબમિટ કરી શકશે.

### એક સાંધે ત્યાં તેર તુટે જેવો ઘાટ

# ધારીની અદ્યતન સિવિલ હોસ્પિટલ ડોક્ટરો વિહોણી

(મિલાપ રૂપારેલ દ્વારા) અમરેલી:

ગીર વિસ્તારના ગામડાઓથી લઇ અને ધારી શહેરના દર્દીઓ માટે કે જ્યાં ખખડધજ બિલ્ડીગની જગ્યાએ અદ્યતન સિવિલ હોસ્પિટલ બનાવવામાં આવી છે. અને જરૂરી પાયાની પ્રાથમિક સારવાર ઉપલબ્ધ શરૂ કરવામાં આવી છે. ડો. અમીત રાઠોડ, ડો. સાવલીયા , ડો. રંગપરીયા સહીત નર્સિંગ વિવેકી સ્ટાફ દ્વારા વખાણવા લાયક આરોગ્ય લક્ષી સેવાઓ આપવામાં આવતી હતી. તાલુકાભરના હજારો લોકો માટે આશાનું કિરણ બનેલી ધારીની સિવિલ હોસ્પિટલ કે જ્યાં દર્દીઓનો ધસારો વધવા લાગેલ હતો. ગરીબ જરૂરીયાતમંદ દર્દીઓને ઉચ્ચ સારવાર મફતમાં મળવા લાગી હતી. સભર્ગા મહીલાઓની નોર્મલ તેમજ સીઝર સારવાર પણ ઉપલબ્ધ કરવામાં આવી હતી.

પરંતુ આખરે ધારી સિવિલ હોસ્પિટલનું અદ્યતન સુવિધાઓ સજ્જ બિલ્ડીગ ફરી પાછું ડોક્ટરો વિહોણું બની જવાને આરે પહોંચી ગયેલ છે. ડો. સાવલીયાએ ધારીની સિવિલ હોસ્પિટલ ખાતેથી રાજીનામું



આપી દઈ અને પોતાની પ્રાઈવેટ હોસ્પિટલ શરૂ કરેલ છે. જ્યારે ડો. રંગપરીયા પણ પોતાના બોન્ડ પુરા થવામાં છે.

જ્યારે છેલ્લા એકાદ વર્ષ દરમિયાન અનેક જીંદગીને બચાવનાર, અનેક સભર્ગા મહીલાઓને નોર્મલ તેમજ સીઝર સારવાર આપનાર ડો. અમીત રાઠોડ પણ ૧૮ ના રોજ આ સિવિલ હોસ્પિટલને છોડી જવાના છે. ત્યારે ધારી સિવિલ હોસ્પિટલમાં ખાલી પડેલી જગ્યાઓ પુરાશે કે પછી ભુતકાળના દિવસો નું પુનરાવર્તન ગરીબ લાભાર્થીઓ થવાનું હશે.

ધારી સિવિલ હોસ્પિટલને ડોક્ટરો વિહોણું જોવા ના માંગતા જાગૃત નાગરિકો, સામાજિક સંસ્થાઓના આગેવાનો, સત્તાસ્થાને બેઠેલા ચુંટાયેલા પ્રતિનિધિઓ, વિરોધ પક્ષ સાથે જોડાયેલા આગેવાનો સિવિલ હોસ્પિટલ મુદ્દે ઉચ્ચ રજુઆત કરશે કે પછી ચુંટણી સમયે મતદારોને રિઝવવા માટે ચુંટણી પુરતા દેખાશે તેવા વેધક સવાલો લોકો કરી રહેલા છે?

અત્રે ઉલ્લેખનીય છે કે અદ્યતન સિવિલ હોસ્પિટલમાં ડાયાલિસિસ સારવાર, બ્લડ સ્ટોરેજ સુવિધા, એકસરે સુવિધા સહિત વિવિધ માંગણીઓ કરવામાં આવી રહેલ છે. એવા સમયે એક જ સપ્તાહમાં એક પછી એક ત્રણ ત્રણ ડોક્ટરોની જગ્યાઓ જ્યારે ખાલી થઇ રહેલ છે. ત્યારે સ્થાનિક નેતાઓ ધારીના નાગરીકોના હક માટે ઉચ્ચ રજુઆત કરશે કે પછી વિકાસરૂપી બણગાંઓ ફોડીને પ્રજાના સાચાં સેવક તરીકે નો રાજધર્મ અપનાવશે

### વડીયામાં ખેતરના રસ્તા વિવાદે ખેડૂતે આપઘાત કર્યો હતો

# 'આપ' નેતા ગોપાલ ઈટાલિયાએ પીડિત પરિવારની મુલાકાત લીધી

(મિલાપ રૂપારેલ દ્વારા) અમરેલી:

અમરેલી જિલ્લાના વડીયામાં ખેતરના રસ્તાના વિવાદને કારણે એક ખેડૂતે આપઘાત કરી લીધો હતો. આ ઘટના બાદ આમ આદમી પાર્ટી ના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ અમરેલી જિલ્લાના 'આપ'ના હોદ્દેદારો અને કાર્યકરો સાથે મૃતક ખેડૂતના વતન વડીયાની મુલાકાત લીધી હતી.

મુલાકાત દરમિયાન ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા અને ઉપસ્થિત કાર્યકરોએ સ્વર્ગસ્થ ખેડૂતના ફોટા પર પુષ્પાંજલિ અર્પણ કરીને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ મૃતકના પરિવારજનો સાથે રૂબરૂ



મુલાકાત કરી હતી. તેમણે પરિવારના સભ્યો સાથે સમગ્ર ઘટના અંગે વિગતવાર ચર્ચા કરી અને તેમને સાંત્વના આપી હતી.

ધારાસભ્ય ઈટાલિયાએ જણાવ્યું હતું કે, 'ખેડૂત આપણા દેશનો અન્નદાતા છે. રસ્તા જેવા પાયાના પ્રશ્નોને કારણે કોઈ ખેડૂતે આપઘાત કરવો પડે તે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ અને ચિંતાજનક બાબત છે. આ મુશ્કેલ ઘડીમાં આમ આદમી પાર્ટી પીડિત પરિવારની સાથે અડીખમ ઊભી છે.'

આ મુલાકાત દરમિયાન અમરેલી જિલ્લા આમ આદમી પાર્ટીના સ્થાનિક આગેવાનો, કાર્યકરો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. પરિવારે આ મામલે ન્યાયની અપેક્ષા વ્યક્ત કરી હતી, જેના પર 'આપ'ના નેતાઓએ યોગ્ય ન્યાયિક પ્રક્રિયા થાય તે માટે ખાતરી આપી હતી.

# હાથસણીમાં કોંગ્રેસે ખેડૂતો માટે KYC કેમ્પ યોજ્યો

## સરકારી યોજનાઓના લાભ માટે નિ:શુલ્ક સહાય અપાઈ



અમરેલી:સાવરકુંડલા તાલુકાના હાથસણી ગામે ખેડૂતોને સરકારી યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તે હેતુથી એક KYC કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં ખેડૂતોને વિવિધ ઓનલાઈન પ્રક્રિયાઓમાં પડતી મુશ્કેલીઓ દૂર કરવા નિ:શુલ્ક સહાય પૂરી પાડવામાં આવી હતી.

આ કાર્યક્રમનું આયોજન સાવરકુંડલા તાલુકા પંચાયત કોંગ્રેસના સદસ્ય શિવરાજભાઈ ખુમાણ, જિલ્લા કોંગ્રેસ સેવાદળના પ્રમુખ અશ્વિન ધામેલીયા તેમજ હાથસણી ગામના સરપંચ અને કોંગ્રેસ આગેવાન ધીરૂભાઈ બુહા (અમતુદાદા)ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.કેમ્પ દરમિયાન ખેડૂતોના KYC અપડેટ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, જરૂરી દસ્તાવેજોની ચકાસણી અને વિવિધ સરકારી યોજનાઓ સંબંધિત માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ખેડૂતોએ ઉપસ્થિત રહી આ સેવાનો લાભ લીધો હતો.આયોજકોએ જણાવ્યું હતું કે ખેડૂતોને ટેકનિકલ અને દસ્તાવેજી પ્રક્રિયાઓમાં પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે આવા કેમ્પો સમયાંતરે યોજવામાં આવશે. કોંગ્રેસના આગેવાનોએ આ પ્રસંગે ખેડૂતોના પ્રશ્નો સાંભળ્યા હતા અને તેમના હિત માટે સતત કાર્યરત રહેવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ પહેલને ગ્રામજનોએ પણ આવકારી હતી. કાર્યક્રમ દરમિયાન ગામના આગેવાનો, કાર્યકરો અને ખેડૂતોમાં ઉત્સાહભર્યો માહોલ જોવા મળ્યો હતો, જે ખેડૂત કલ્યાણ અને સેવા ભાવનાને સમર્પિત હતો.

# ગીર પૂર્વની જસાધાર રેન્જમાં સિંહની પજવણીનો વીડિયો વાઈરલ

## ચાલકે સાવજ પાછળ પૂરપાટ ઝડપે બાઈક દોડાવી, વન્યજીવ પ્રેમીઓ અને સ્થાનિકોમાં આક્રોશ

(કૈલૈશ ભટ્ટ દ્વારા) ઉના:

સમગ્ર વિશ્વમાં જેની ગર્જના અને ઠાઠની ઓળખ છે, તેવા ગીરના સિંહની પજવણી કરતો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. આ વીડિયો ગીર પૂર્વની જસાધાર રેન્જનો હોવાનું અનુમાન છે. વાઈરલ વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે, એક બાઈક ચાલક સિંહને જોઈને પોતાનું વાહન પૂરપાટ ઝડપે તેની પાછળ દોડાવે છે. સિંહ પણ બાઈકને આવતી જોઈ પોતાનો જીવ બચાવવા દોટ મૂકે છે.



સિંહની પજવણીનો આ વીડિયો તેની સલામતી અને અસ્તિત્વ સામે અનેક સવાલો ઊભા કરી રહ્યો છે. આ ઘટનાને પગલે વન્યજીવ પ્રેમીઓ અને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જંગલના રાજા તરીકે ઓળખાતા વન્યજીવને આ પ્રકારે હેરાન કરવાના કૃત્યથી પ્રાણીઓમાં તણાવ વધે છે, જે ક્યારેક હિંસક સ્વરૂપ ધારણ કરી નિર્દોષ લોકો પર હુમલાનું કારણ બની શકે છે. આ પજવણી કરનાર બાઈક ચાલકે વન્યજીવ સંરક્ષણ ધારાના નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કર્યું છે. ગીરના ઘરેણાંસમાન સિંહનું જતન કરવું એ સૌની જવાબદારી છે. વન વિભાગે આ વાઈરલ વીડિયોના આધારે તપાસ કરી જવાબદારો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવી જોઈએ તે જરૂરી બન્યું છે.

# ઉમેજ ગામમાં ૩૦૦ વીઘા જમીન પર દબાણો હટાવવા કાર્યવાહી

(કૈલૈશ ભટ્ટ દ્વારા) ઉના:

ઉના તાલુકાના ઉમેજ ગામમાં આજે સવારથી કરોડો રૂપિયાની ૩૦૦ વિઘા જમીન પરના દબાણ હટાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ કાર્યવાહી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

આ ડિમોલેશન ડ્રાઇવ ૧૬થી ૧૯ તારીખ સુધી, એટલે કે ચાર દિવસ સુધી ચાલશે. આ કામગીરીમાં ૪ JCB મશીનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. કાર્યવાહી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ૨૧ પોલીસ કર્મચારીઓનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ ઉપરાંત, ૮ તલાટી મંત્રીઓ અને એક નાયબ મામલતદાર



પણ સ્થળ પર હાજર છે. દૂર કરવામાં આવનાર દબાણમાં ગૌચર જમીનનો પણ સમાવેશ થાય છે. ચાર દિવસીય આ કાર્યવાહીમાં કુલ ૩૦૦ વિઘા જમીન પરથી દબાણ હટાવાશે, જેમાં ૩૦ વિઘાથી વધુ વિસ્તારમાં આવેલા આંબાના બગીચાઓ પરના દબાણનો પણ સમાવેશ થાય છે.

# સપનાઓને સાકાર કરવાની જિદ્દ: કૌશલ્ય વિકાસ થકી બગસરાના સમઢિયાળા ગામના વતની નવયુવાન સુમિત સાવલિયા બન્યા કરોડપતિ

## ધોરણ ૧૦ બાદ આઈ.ટી.આઈમાં અભ્યાસ કરી આઈ.ટી.આઈ તાલીમાર્થીએ અમદાવાદ ખાતે 'ઈલેક્ટ્રોનિક્સ વર્લ્ડ' નામની કંપની સ્થાપી: ૫૦ યુવાઓને નોકરી આપી નોકરીદાતા બનતા યુવા ઉદ્યોગસાહસિક



### રૂ. ૩ કરોડ સુધીના વાર્ષિક ટર્નઓવર સાથે સફળ વ્યવસાયી બનવાની સફર : નવયુવાનો માટે પ્રેરણાસ્ત્રોત બનતા સુમિત સાવલિયા

અમરેલી:

સામાન્ય રીતે એવી માન્યતા છે, કે મોટી ડિગ્રી મેળવ્યા વિના જીવનમાં મોટી સફળતા હાંસલ કરવી મુશ્કેલ છે, પરંતુ બગસરા તાલુકાના સમઢિયાળા ગામના વતની અને હાલમાં અમદાવાદમાં સ્થાયી થયેલ સુમિત આર. સાવલિયાએ પોતાની મહેનત, કૌશલ્ય અને આત્મવિશ્વાસના બળે આ માન્યતાને ખોટી સાબિત કરી છે! માત્ર ધોરણ ૧૦ પાસ કર્યા બાદ અને અમરેલી આઈ.ટી.આઈમાંથી અભ્યાસ પૂર્ણ કરીને આજે તેઓ 'ઈલેક્ટ્રોનિક્સ વર્લ્ડ' નામની સફળ કંપનીના માલિક બન્યા છે, આ કંપનીનું આજે વાર્ષિક ટર્નઓવર અંદાજે રૂ. ૩ કરોડ સુધી પહોંચ્યું છે.

સુમિતભાઈએ વર્ષ ૨૦૦૫માં આઈ.ટી.આઈમાંથી પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. અભ્યાસ દરમિયાન મળેલા વ્યાવહારિક જ્ઞાન અને સંસ્થાના માર્ગદર્શનથી તેમને કારકિર્દીની નવી દિશા મળી. સંસ્થા ખાતે કેમ્પસ ભરતી મેળામાં તેમના ઈન્સ્ટ્રક્ટર શ્રી અશોકભાઈ ઝાલાવાડિયાના માર્ગદર્શન હેઠળ તેમની પસંદગી અમદાવાદ સ્થિત વેસ્ટર્ન એ.સી રેફ્રિજરેશન પ્રાઈવેટ લિમિટેડમાં એપ્રેન્ટિસ તરીકે થઈ હતી. આ તક તેમના જીવનમાં મહત્વનો વળાંક સાબિત થઈ!

અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વર્ષ ૨૦૦૬માં સુમિતભાઈએ ગોદરેજ કંપનીમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી. સતત પાંચ વર્ષ સુધી તેમણે નિષ્ઠાપૂર્વક અને ખંતથી કામગીરી કરી. તેમની કાર્યકુશળતા અને સમર્પણને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૧૧માં ગોદરેજ કંપનીએ તેમને અમદાવાદ શહેર માટે 'ડાયરેક્ટ સર્વિસ પાર્ટનર' બનવાની મહત્વપૂર્ણ તક આપી. તેમની ઉત્તમ કામગીરી અને વિશ્વસનીયતાના આધારે બાદમાં પેનાસોનિક જેવી આંતરરાષ્ટ્રીય કંપનીએ પણ તેમને પોતાના ડાયરેક્ટ સર્વિસ પાર્ટનર તરીકે પસંદ કર્યા. આ સિદ્ધિઓએ તેમને સફળ ઉદ્યોગસાહસિક તરીકે સ્થાપિત કરવામાં મદદ કરી.

આજે સુમિતભાઈની 'ઈલેક્ટ્રોનિક્સ વર્લ્ડ' કંપનીમાં અંદાજે ૫૦થી ૬૦ કુશળ એન્જિનિયરો કાર્યરત છે. શૂન્યમાંથી પોતાની ઓળખ ઉભી કરનાર આ યુવાન માત્ર સફળ વ્યવસાયી જ નથી, પરંતુ અનેક યુવાનો માટે રોજગારીનું મહત્વપૂર્ણ માધ્યમ પણ બન્યા છે. તેમના પ્રયાસોથી અનેક પરિવારોને રોજગાર અને આત્મનિર્ભરતાની નવી રાહ મળી છે.

સુમિતભાઈએ જણાવ્યું કે, આઈ.ટી.આઈમાં મળેલું પ્રેક્ટિકલ જ્ઞાન, ગુરુજનોનું માર્ગદર્શન અને સતત મહેનતના કારણે જ હું આજે આ મુકામ સુધી પહોંચી શક્યો છું. તેમની આ પ્રેરણાદાયી સફર સાબિત કરે છે, કે સફળતા માટે માત્ર ઉચ્ચ ડિગ્રી જરૂરી નથી, પરંતુ કૌશલ્ય, સખત મહેનત અને યોગ્ય માર્ગદર્શન પણ એટલું જ મહત્વ ધરાવે છે.આ નવયુવા ઉદ્યોગસાહસિકની સફળ યાત્રા આજના યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત છે. કૌશલ્યલક્ષી શિક્ષણ દ્વારા પણ જીવનમાં ઉચ્ચ શિખરો સર કરી શકાય છે, તેનું જીવંત ઉદાહરણ સુમિતભાઈએ પૂરું પાડ્યું છે. તેમની સફર એ સંદેશ આપે છે કે મહેનત, કૌશલ્ય અને આત્મવિશ્વાસ હોય તો કોઈપણ વ્યક્તિ પોતાના સપનાઓને સાકાર કરી શકે છે. સાથે પ્રેક્ટિકલ જ્ઞાન કારકિર્દી નિર્માણનું પાથેય બની શકે છે.

# જિલ્લામાં તા.૩૦ જૂન સુધી હથિયારબંધી: પરવાનગી વગર સભા સરઘસ માટે પ્રતિબંધ

અમરેલી:જિલ્લામાં પ્રવર્તમાન પરિસ્થિતી અને આગામી સમયમાં મોહરમના તહેવારની ઉજવણીને ધ્યાને લઈને કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ-શાંતિ જળવાઈ રહે તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ કલમ-૩૭ (૧), ૩૭ (૩) અને ૩૩ હેઠળ અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, આ જાહેરનામું તા. ૧૬.૦૬.૨૦૨૬થી તા ૩૦. ૦૬.૨૦૨૬ સુધી અમલી રહેશે.જાહેરનામા મુજબ, જિલ્લામાં શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ કે ઈજા પહોંચાડવામાં ઉપયોગી હોય તેવી ચીજવસ્તુ, નીતિનો ભંગ થતો હોય તેવા કે રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણ આપવા કે ચાળા પાડવા, નકલ કરવી, ચિત્રો, નિશાનીઓ દેખાડવા કે ફેલાવવા નહિ. કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા સહિતની બાબતો પ્રતિબંધિત રહેશે. આ ઉપરાંત વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃત્તિઓ અથવા પૂતળા દેખાડવાની, લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની મનાઈ છે. સભા-સરઘસ હથિયારબંધી રહેશે.

જિલ્લામાં સંબંધિત સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી કે પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી-પરવાનગી સિવાય લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ છે.

ફરજ પર રોકાયેલા હોય તેવા પોલીસ જવાનો તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી અને અર્ધ સરકારી અધિકારી-કર્મચારીને કે શારીરિક અશક્ત વ્યક્તિઓને, વરઘોડા કે સ્મશાન યાત્રાને આ હુકમ લાગુ પડશે નહીં. આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ કલમ-૧૩૧ અને કલમ-૧૩૫ અન્વયે સજા અને દંડને પાત્ર છે.



## સૌરાષ્ટ્ર આસપાસ

# વૈશ્વિક અસ્થિરતાની વચ્ચે G7 બેઠક

ફ્રાન્સના ઐતિહાસિક શહેર ઈવિયન-લે-બેનમાં યોજાઈ રહેલી ૫૨મી G7 શિખર પરિષદ વૈશ્વિક રાજનીતિ માટે એક નિર્ણાયક વળાંક સમાન છે. જ્યાં એક તરફ પરંપરાગત ઔદ્યોગિક શક્તિઓ પોતાના આંતરિક મતભેદો અને ભૌગોલિક-રાજનૈતિક સંઘર્ષો ઉકેલવા મથી રહી છે, ત્યાં બીજી તરફ ભારત જેવા ઉભરતા વિશાળ લોકશાહી દેશો વૈશ્વિક સમસ્યાઓના ઉકેલ માટે અનિવાર્ય અને સક્રિય ભાગીદાર તરીકે ઉભરી આવ્યા છે. આ વર્ષની G7 અધ્યક્ષતા સંભાળી રહેલા ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોનનો મૂળ ઉદ્દેશ્ય "વૈશ્વિક અસંતુલન ઘટાડવાનો" છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે પશ્ચિમી દેશોની આ ક્લબ હવે ફક્ત અમીર દેશોનું સંકુળ ન રહી શકે, તેથી તેમણે ગ્લોબલ સાઉથના અનેક દેશોને ખાસ આમંત્રણ આપીને આ પરિષદને વધુ સમાવેશી બનાવવાનો પ્રયાસ કર્યો છે. આ પગલું પશ્ચિમી શક્તિ કેન્દ્રની અંદર વધી રહેલી તિરાડોને પૂરવા અને નવી વૈશ્વિક વ્યવસ્થામાં પોતાનું સ્થાન મજબૂત કરવાની વ્યૂહાત્મક ચાલ તરીકે પણ જોઈ શકાય છે.આ પરિષદની પૃષ્ઠભૂમિ અત્યંત જટિલ અને અનેક સ્તરો ધરાવતી છે. ઈરાન સાથે અમેરિકાના નવા પ્રારંભિક કરારને કારણે હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ ઘટવાની અને તેલના વૈશ્વિક પુરવઠામાં સ્થિરતા આવવાની આશા વ્યક્ત થઈ રહી છે, પરંતુ આ કરારની બારીક વિગતો અને યુરોપીય દેશોની સુરક્ષા જવાબદારીઓને લઈને હજુ પણ ઊંડા મતભેદો યથાવત છે. તે જ સમયે, યુક્રેન યુદ્ધે વૈશ્વિક ખાદ્ય અને ઊર્જા સુરક્ષાને જે ગંભીર પડકારો ઊભા કર્યા છે, તે આ સમિટના કેન્દ્રિય એજન્ડાનો અભિન્ન ભાગ છે. ચીન સાથેના વેપાર સંબંધો, ટેક્નોલોજી ટ્રાન્સફર અને બૌદ્ધિક સંપદા અધિકારો જેવા મુદ્દાઓ પર પણ G7 દેશો વચ્ચે ઊંડા મતભેદો છે. ખાસ કરીને અમેરિકા અને યુરોપીય સંઘ વચ્ચે, અમેરિકાના પ્રોત્સાહન આપતા 'ઇન્ફ્લેશન રિડક્શન એક્ટ'ને કારણે ઔદ્યોગિક સબ્સિડી અંગે સીધો સંઘર્ષ ઉભો થયો છે, જેના કારણે સંયુક્ત વૈશ્વિક અભિગમ અપનાવવાનું કાર્ય વધુ પડકારજનક બન્યું છે. આંતરિક એકતાના આ અભાવે G7 ની વૈશ્વિક વિશ્વસનીયતાને નબળી પાડી છે અને તેને વૈકલ્પિક વૈશ્વિક ભાગીદારી તરફ વળવા મજબૂર કરી છે.આ પડકારજનક વૈશ્વિક પરિવેશમાં ભારતની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ અને બહુપરિમાણીય બની ગઈ છે. આ ૧૩મી વખત છે જ્યારે ભારતને G7 શિખર પરિષદમાં ભાગીદાર દેશ તરીકે આમંત્રણ મળ્યું છે, અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત સાતમી વખત આ પ્રતિષ્ઠિત મંચ પર સહભાગી થઈ રહ્યા છે. ભારતની આ સતત અને નિયમિત હાજરી માત્ર એક ઔપચારિક આમંત્રણ નથી, પરંતુ તે વૈશ્વિક શાંતિ, સુરક્ષા, આબોહવા પરિવર્તન અને સમાવેશી વિકાસમાં ભારતના વધતા યોગદાનની સ્પષ્ટ સ્વીકૃતિ દર્શાવે છે. વડાપ્રધાન મોદીએ ફ્રાન્સ પહોંચ્યા બાદ પોતાના નિવેદનમાં ભારતની "વધુ ટકાઉ, સ્થિતિસ્થાપક અને સમૃદ્ધ ગ્રહ માટે સામૂહિક પ્રયાસો" પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી, જે વૈશ્વિક દક્ષિણના અવાજને મુખ્ય ધારામાં લાવવાના તેમના વ્યૂહાત્મક દ્રષ્ટિકોણને પ્રતિબિંબિત કરે છે. 'નવી ભાગીદારીનું નિર્માણ અને આંતરરાષ્ટ્રીય એકતાનું પુનઃનિર્માણ' થીમ પર આયોજિત વર્કિંગ સેશનમાં ભારતની સક્રિય સહભાગિતા ખાસ નોંધપાત્ર છે, કારણ કે આ થીમ જ ફ્રાન્સની અધ્યક્ષતાના મૂળ ઉદ્દેશ્ય સાથે સુસંગત છે.ફ્રાન્સની G7 અધ્યક્ષતાની મુખ્ય પ્રાથમિકતાઓ, જેમ કે મેક્રો-આર્થિક અસંતુલન ઘટાડવું, કૃત્રિમ બુદ્ધિમત્તા (AI)નું વૈશ્વિક નિયમન, અને મહત્વપૂર્ણ ખનિજો તેમજ ઊર્જા પુરવઠા શૃંખલાને વધુ સ્થિતિસ્થાપક બનાવવી, તે બધી બાબતો ભારતની રાષ્ટ્રીય ક્ષમતાઓ, ટેક્નોલોજીકલ ઉત્કર્ષ અને વિકાસશીલ દેશો માટેની હિમાયત સાથે સીધી રીતે સુસંગત છે.

# સ્વામી વિવેકાનંદ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ જળ સંરક્ષણ અને ગ્રામ વિકાસનું પ્રેરણાદાયી મોડેલ

**ગુજરાતના કચ્છ, ભાવનગર અને અમરેલી જિલ્લાઓમાં જળ સંરક્ષણ, પર્યાવરણ સંરક્ષણ, મહિલા સશક્તિકરણ અને ગ્રામ વિકાસના ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર સંસ્થાઓમાંસ્વામી વિવેકાનંદ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ મોખરાનું સ્થાન ધરાવે છે. ગ્રામ્ય સમાજને આત્મનિર્ભર બનાવવા, કુદરતી સંસાધનોનું સંરક્ષણ કરવા અને સામાજિક જાગૃતિ ફેલાવવા માટે છેલ્લા ત્રણ દાયકાથી વધુ સમયથી સંસ્થા સતત કાર્યરત છે**

**સંસ્થા પરિચય**
**સુરેશ ભટ્ટ**

ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર સ્વામી વિવેકાનંદ ના નામથી પ્રખ્યાત થયેલી સંસ્થા કચ્છ ઉપરાંત ભાવનગર અમરેલી સહિતના જિલ્લામાં મોટા પ્રમાણમાં સામાજિક અને પર્યાવરણના કાર્યો કરી રહી છે.

આ સંસ્થાની કામગીરી પાછળ પ્રખ્યાત સમાજસેવક અને ઉદ્યોગપતિ Kantisen Shroffની પ્રેરણા અને દૃષ્ટિ રહેલી છે.

**સંસ્થાની સ્થાપના અને પૃષ્ઠભૂમિ:**

VRTIની મૂળ શરૂઆત કચ્છના માંડવી વિસ્તારમાં વર્ષ ૧૯૭૫માં ગ્રામ વિકાસના ઉદ્દેશ સાથે થઈ હતી. કચ્છના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં પાણીની અછત, ખેતીની સમસ્યાઓ અને ગ્રામ્ય ગરીબી દૂર કરવા માટે કાંતિસેન કાકાએ લોકભાગીદારી આધારિત વિકાસ મોડેલ વિકસાવ્યું. બાદમાં કચ્છમાં થયેલી સફળ કામગીરીને ધ્યાનમાં રાખીને ભાવનગર અને અમરેલી જિલ્લાના ગામડાઓમાંથી પણ આવી જ કામગીરીની માંગ ઊભી થઈ. પરિણામે વર્ષ ૧૯૯૦માં ભાવનગરમાં VRTIની પ્રવૃત્તિઓ શરૂ થઈ. વર્ષ ૨૦૦૫માં ભાવનગર માટે અલગ ટ્રસ્ટની રચના કરવામાં આવી.

આજે સંસ્થા ભાવનગર શહેરના સર પટ્ટણી રોડ વિસ્તારમાં આવેલી પોતાની કચેરી મારફતે અનેક ગ્રામ વિકાસ કાર્યક્રમોનું સંચાલન કરે છે.

કાંતિસેન કાકાની પ્રેરણા આમાં મુખ્ય પ્રેરકબળ છે.

કાંતિસેન શરોફ, જેમને લોકો પ્રેમથી "કાકા" તરીકે ઓળખતા હતા, તેઓ મહાત્મા ગાંધી, વિનોબા ભાવે અને જયપ્રકાશ નારાયણના વિચારોમાંથી પ્રેરિત હતા. તેમનું માનવું હતું કે ભારતનો વિકાસ ગામડાંના વિકાસ વિના શક્ય નથી. તેમણે ગામોને આત્મનિર્ભર બનાવવા, કુદરતી સંસાધનોનું સંરક્ષણ કરવા અને ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવવા જીવન સમર્પિત કર્યું હતું. VRTI એ તેમની આ દૃષ્ટિનું જીવંત સ્વરૂપ છે.

**જળ સંરક્ષણ ક્ષેત્રે અગત્યની કામગીરી:**

VRTIની સૌથી મહત્વપૂર્ણ ઓળખ જળ સંરક્ષણના ક્ષેત્રે થયેલી કામગીરી છે. ભાવનગર અને અમરેલી જિલ્લાના પાણીની અછત ધરાવતા વિસ્તારોમાં સંસ્થાએ અનેક ચેકડેમ, તળાવ ઊંડા કરવાની કામગીરી, વરસાદી પાણીના સંગ્રહ અને ભૂગર્ભ જળ રિચાર્જના પ્રોજેક્ટો હાથ ધર્યા છે.

સંસ્થાએ પાણીના દરેક ટીપાને બચાવવા માટે ગ્રામજનોને જોડીને જળ સંરક્ષણ અંગે જનજાગૃતિ ફેલાવી છે. વરસાદી પાણીનો મહત્તમ ઉપયોગ થાય અને ભૂગર્ભ જળસ્તર ઊંચું આવે તે માટે વિવિધ પ્રકારની પાણી સંચય રચનાઓ ઊભી કરવામાં આવી છે. આ કામગીરીના કારણે ઘણા વિસ્તારોમાં ખેતીની ઉત્પાદકતા વધી છે અને પીવાના પાણીની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

દાયકાઓથી જળસંગ્રહનું મજબૂત આધારસ્તંભ બન્યા VRTIના ડેમ ટકાઉ વિકાસનું પ્રતીક છેસ્વામી વિવેકાનંદ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (VRTI) દ્વારા ભાવનગર અને અમરેલી જિલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં જળ સંરક્ષણ માટે બનાવવામાં આવેલા ચેકડેમ, કોઝવે કમ ચેકડેમ અને અન્ય જળસંચય માળખાઓ આજે પણ વિકાસના મજબૂત આધારસ્તંભ તરીકે કાર્ય કરી રહ્યા છે. સંસ્થાએ લોકભાગીદારી અને વૈજ્ઞાનિક આયોજનના આધારે જે ડેમોનું નિર્માણ કર્યું હતું, તેમાંથી ઘણા ડેમ દાયકાઓ પછી પણ સંપૂર્ણ કાર્યક્ષમ છે અને દર વર્ષે ચોમાસામાં વિપુલ પ્રમાણમાં વરસાદી પાણીનો સંગ્રહ કરે છે.

આ ડેમોના કારણે વરસાદી પાણી દરિયામાં વહી જવાને બદલે સ્થાનિક સ્તરે જ સચવાઈ રહે છે. પરિણામે આસપાસના વિસ્તારોમાં ભૂગર્ભ જળસ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે. ગામોના કૂવા, બોરવેલ અને અન્ય જળસ્ત્રોતો લાંબા સમય સુધી જીવંત રહેતા હોવાથી ખેડૂતોને ખેતી માટે પૂરતું પાણી ઉપલબ્ધ બને છે. અનેક વિસ્તારોમાં સિંચાઈની સુવિધા વધતા ખેતીની ઉત્પાદકતામાં વધારો થયો છે અને ખેડૂતોની આવકમાં પણ સકારાત્મક ફેરફાર જોવા મળ્યો છે.

આ જળાશયો માત્ર ખેતી પૂરતા મર્યાદિત નથી, પરંતુ ગ્રામજનો માટે પીવાના પાણીનો પણ મહત્વપૂર્ણ સ્ત્રોત બન્યા છે. ઉનાળાની ઋતુમાં જ્યારે પાણીની અછત સર્જાય છે ત્યારે આ ડેમોમાં સંગ્રહાયેલું પાણી અને તેના કારણે રિચાર્જ થયેલા ભૂગર્ભ જળસ્ત્રોતો લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થાય છે.

VRTI દ્વારા હાથ ધરાયેલી આ જળ સંરક્ષણની પહેલે સાબિત કર્યું છે કે યોગ્ય આયોજન, લોકસહભાગિતા અને લાંબા ગાળાની દૃષ્ટિ દ્વારા કુદરતી સંસાધનોનું અસરકારક સંરક્ષણ શક્ય છે. આજે ભાવનગર અને અમરેલી જિલ્લાના અનેક ગામોમાં આ ડેમો વિકાસ, સમૃદ્ધિ અને પાણી સુરક્ષાના જીવંત પ્રતીક તરીકે ઉભા છે.

**મહિલા સશક્તિકરણ અને આત્મનિર્ભરતા**

VRTI મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે વિશેષ પ્રયાસો કરે છે. સ્વસહાય જૂથો (SHGs)ની રચના, કૌશલ્ય વિકાસ તાલીમ, ઘરઆધારિત ઉદ્યોગો અને નાના વ્યવસાયોની તાલીમ દ્વારા હજારો મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવામાં આવી છે.






સંસ્થા દ્વારા સીવણકામ, હસ્તકલા, ખાદ્યપ્રક્રિયા, પશુપાલન અને અન્ય આવકવર્ધક પ્રવૃત્તિઓ અંગે તાલીમ આપવામાં આવે છે. જેના કારણે ગ્રામ્ય મહિલાઓ પોતાના પરિવારમાં આર્થિક યોગદાન આપી શકે છે અને સ્વાભિમાનપૂર્વક જીવન જીવી શકે છે.

**સામાજિક વનીકરણ અને પર્યાવરણ સંરક્ષણ**

પર્યાવરણ સંરક્ષણ VRTIની મુખ્ય પ્રવૃત્તિઓમાંનું એક છે. સંસ્થા દ્વારા મોટા પાયે વૃક્ષારોપણ, સામાજિક વનીકરણ, ઘરઆંગણે અને ખેતરોમાં વૃક્ષોનું વાવેતર, બોર્ડર પ્લાન્ટેશન અને બગીચાઓના વિકાસ જેવા કાર્યક્રમો ચલાવવામાં આવે છે.ગ્રામ્ય વિસ્તારોમાં હરિયાળી વધારવા ઉપરાંત સંસ્થા સોલાર ઊર્જા, ધુમાડારહિત ચૂલાઓ અને પર્યાવરણમૈત્રી જીવનશૈલીને પણ પ્રોત્સાહન આપે છે. આ પ્રવૃત્તિઓ દ્વારા કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો અને પર્યાવરણનું સંતુલન જાળવવામાં મદદ મળે છે.

ભાવનગર શહેર નજીક ઘોઘા રોડ પર અકવાડા ગામ નજીક ઉજ્જડ જમીન પર મોટા પાયા પર ઉજળ ધરતીને લીલીછમ બનાવવામાં આવી છે.

કરવામાં આવ્યું છે આજે આ ઝાડ ૧૦ થી ૧૫ ફૂટ ઊંચા થઈ ગયા છે.આ ઉપરાંત સંસ્થાના પરિસર ની અંદર મિયાવાકી સિસ્ટમથી મોટા પાયા પર લીલીછમ વનરાજી નું નિર્માણ કરવામાં આવ્યું છે.

તાજેતરમાં ઘોઘા ખાતે બહેનોને આત્માન નિર્ભર બનાવવા માટે એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘોઘાના સરપંચ અન્ય આગેવાનો તથા વિ આરટીઆઈના અધિકારીઓ એગ્રો સેલના અધિકારીઓ હાજર રહ્યા હતા આ સેમિનારમાં ભાવનગર શહેરના યોગના તજજ્ઞ છાયાબેન પટેલ હાજર રહ્યા હતા અને બહેનોને યોગનું મહત્વ સમજાવ્યું હતું. સૂર્ય નમસ્કાર તથા અષ્ટાંગ યોગ વિશે તેમણે બહેનોને વિસ્તારથી સમજૂતી આપી હતી. આ ઉપરાંત સંસ્થા સામાજિક જનજાગૃતિ અને ગ્રામ વિકાસ ના કામો મોટા પ્રમાણમાં કરે છે

નીતિનભાઈ દવે , મનુભાઈ ચૌધરી, અને તેની ટીમ આ કાર્યને ખૂબ સારી રીતે કરી રહ્યા છે તે આનંદની વાત છે એગ્રો સેલ કંપનીના અધિકારીઓ આ કાર્યને સહયોગ આપી રહ્યા છે.VRTI માત્ર પાણી કે પર્યાવરણ પૂરતી મર્યાદિત નથી. સંસ્થા આરોગ્ય, સ્વચ્છતા, શિક્ષણ, કૃષિ વિકાસ અને સામાજિક જાગૃતિના ક્ષેત્રોમાં પણ સતત કાર્યરત છે. ગામોમાં વિવિધ તાલીમ શિબિરો, આરોગ્ય કેમ્પ, શિક્ષણ અભિયાન અને સ્વચ્છતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

ખેડૂતો માટે આધુનિક કૃષિ તકનીકો, માટી પરીક્ષણ, જૈવિક ખેતી અને પાણી બચત આધારિત ખેતી પદ્ધતિઓ અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. સંસ્થાએ ખેડૂતોના જૂથો, મહિલા જૂથો અને ઉત્પાદક સંસ્થાઓનું પણ નિર્માણ કર્યું છે.

**નોંધપાત્ર સિદ્ધિઓ**

VRTIની કામગીરીને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે અનેક પુરસ્કારો પ્રાપ્ત થયા છે. ખાસ કરીને જળ સંરક્ષણ અને પર્યાવરણ ક્ષેત્રે કરેલા કાર્યો બદલ સંસ્થાને વિવિધ સન્માનો મળ્યા છે. વર્ષ ૨૦૨૦માં સંસ્થાને જળ વ્યવસ્થાપન ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી બદલ રાષ્ટ્રીય સ્તરે પણ માન્યતા પ્રાપ્ત થઈ હતી.

**ઉપસંહાર**

સ્વામી વિવેકાનંદ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટએ માત્ર એક સંસ્થા નથી, પરંતુ ગ્રામ વિકાસની એક જીવંત ચળવળ છે. કાંતિસેન કાકાના વિચારો અને મૂલ્યોને આધાર બનાવી સંસ્થાએ કચ્છ, ભાવનગર અને અમરેલી જિલ્લાના હજારો પરિવારોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવ્યું છે. જળ સંરક્ષણ, મહિલા સશક્તિકરણ, સામાજિક વનીકરણ અને જનજાગૃતિના ક્ષેત્રે VRTIનું યોગદાન ગુજરાતના ગ્રામ વિકાસ માટે એક પ્રેરણાદાયી મોડેલ તરીકે ઊભર્યું છે. આવનારા સમયમાં પણ આ સંસ્થા ગ્રામ્ય સમાજના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતી રહેશે.

# ભારતની નવી શિક્ષણ નીતીમાં ટેક્નોલોજીને પ્રાધાન્ય

**૨૦૨૭થી શાળાઓમાં નવો AI અભ્યાસક્રમ અમલમાં આવી રહ્યો છે. આ માટે NCERTની ૧૬ સભ્યોની સમિતિ તૈયારી કરી રહી છે. નવી સિસ્ટમ અમલમાં આવતા શિક્ષણ જગતની મોટાભાગની સમસ્યાઓ હલ થઈ જશે તેમ માનવામાં આવે છે. આ ઉપરાંત પેપર લીકની અને ડોનેશનની સમસ્યાઓ પણ દૂર થશે**

**આસપાસ ચોપાસ**
**સુરેશ ભટ્ટ**

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આજના યુગની સૌથી ઝડપથી વિકસતી અને પ્રભાવશાળી ટેક્નોલોજી બની ગઈ છે. વિશ્વના લગભગ દરેક ક્ષેત્રમાં તેનો ઉપયોગ વધી રહ્યો છે. આરોગ્ય, ઉદ્યોગ, કૃષિ, સંશોધન અને સંચાર ક્ષેત્રની સાથે હવે શિક્ષણ ક્ષેત્ર પણ AIના પ્રભાવથી અછૂત રહ્યું નથી. બદલાતી વૈશ્વિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ભારત સરકાર પણ શિક્ષણ વ્યવસ્થામાં છૈંનો વધુ વ્યાપક સમાવેશ કરવા માટે સક્રિય બની છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે ૨૦૨૭થી દેશભરની શાળાઓમાં નવો છૈં અભ્યાસક્રમ અમલમાં મૂકવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભર્યું છે.

ભારતની નવી શિક્ષણ નીતિનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને ભવિષ્યની ટેક્નોલોજી માટે તૈયાર કરવાનો છે. AI હવે માત્ર એક વિષય નથી, પરંતુ આવનારા સમયમાં જીવન અને રોજગાર બંનેનો મહત્વપૂર્ણ આધાર બનવાનો છે. આ હકીકતને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (NCERT) દ્વારા AI અભ્યાસક્રમને વધુ આધુનિક અને ઉપયોગી બનાવવા માટે ૧૬ સભ્યોની વિશેષ સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિને "પાઠ્યપુસ્તક વિકાસ ટીમ" નામ આપવામાં આવ્યું છે.

હાલમાં AI વિષય ધોરણ ૯થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ છે. પરંતુ આગામી વર્ષોમાં તેનો વ્યાપ વધુ વિસ્તૃત કરવામાં આવશે. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય અને CBSE દ્વારા મળતી માહિતી મુજબ ૨૦૨૬-૨૭ના શૈક્ષણિક સત્રથી ધોરણ ૩થી ૮ સુધીના વિદ્યાર્થીઓ માટે પણ AI શિક્ષણ શરૂ કરવાની યોજના છે. આ પગલાથી બાળકોને નાની ઉંમરથી જ ડિજિટલ ટેક્નોલોજી, તર્કશક્તિ અને નવીન વિચારસરણી સાથે પરિચિત થવાની તક મળશે.

AI આધારિત શિક્ષણનો સૌથી મોટો લાભ એ છે કે તે દરેક વિદ્યાર્થીની જરૂરિયાત અનુસાર અભ્યાસને અનુકૂળ બનાવી શકે છે. દરેક બાળકની શીખવાની ક્ષમતા અને ગતિ અલગ હોય છે. કેટલાક વિદ્યાર્થીઓ ઝડપથી સમજે છે, જ્યારે કેટલાકને વધુ માર્ગદર્શનની જરૂર પડે છે. AI આધારિત શૈક્ષણિક સાધનો વિદ્યાર્થીઓની પ્રગતિનું વિશ્લેષણ કરીને તેમને વ્યક્તિગત અભ્યાસ સામગ્રી ઉપલબ્ધ કરાવે છે. પરિણામે શિક્ષણ વધુ અસરકારક અને વિદ્યાર્થીકેન્દ્રિત બને છે.

શિક્ષકો માટે પણ છૈં ઉપયોગી સાબિત થઈ શકે છે. પરીક્ષાના પેપર ચકાસવા, હાજરી નોંધવા, પ્રગતિ અહેવાલ તૈયાર કરવા અને અભ્યાસક્રમનું આયોજન કરવા જેવી ઘણી કામગીરી AI દ્વારા સરળતાથી થઈ શકે છે. આથી શિક્ષકોનો કિંમતી સમય બચી શકે છે અને તેઓ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ અને ગુણવત્તાસભર શિક્ષણ પર વધુ ધ્યાન આપી શકે છે.

ઓનલાઈન શિક્ષણના ક્ષેત્રમાં પણ AI નવા દ્વાર ખોલી રહ્યું છે. વર્ચ્યુઅલ ટ્યુટર, સ્માર્ટ લર્નિંગ પ્લેટફોર્મ અને ચેટબોટ જેવી વ્યવસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓ કોઈપણ સમયે અને કોઈપણ સ્થળેથી અભ્યાસ કરી શકે છે. દૂરના અને ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા વિદ્યાર્થીઓ માટે આ ટેક્નોલોજી વિશેષ લાભદાયી બની શકે છે. જ્ઞાન સુધીની પહોંચ વધુ સરળ અને વ્યાપક બનવાથી શિક્ષણમાં સમાનતા લાવવાનો માર્ગ પણ ખુલશે.

AI શિક્ષણને વધુ રસપ્રદ બનાવવામાં પણ મદદરૂપ છે. એનિમેશન, સિમ્યુલેશન અને ઈન્ટરેક્ટિવ મોડ્યુલ દ્વારા જટિલ વિષયોને સરળતાથી સમજાવી શકાય છે. વિજ્ઞાન, ગણિત અને ટેક્નિકલ વિષયોના મુશ્કેલ ખ્યાલોનું દૃશ્યાત્મક પ્રદર્શન વિદ્યાર્થીઓની સમજણને વધુ મજબૂત બનાવે છે. પરિણામે તેમની જિજ્ઞાસા, સર્જનાત્મકતા અને સમસ્યા ઉકેલવાની ક્ષમતા વિકસે છે.

જોકે AIના વધતા ઉપયોગ સાથે કેટલીક ચિંતાઓ પણ જોડાયેલી છે. જો વિદ્યાર્થીઓ ટેક્નોલોજી પર અતિશય નિર્ભર બની જાય તો તેમની સ્વતંત્ર વિચારશક્તિ અને સર્જનાત્મકતાને નુકસાન પહોંચી શકે છે. ઉપરાંત દેશમાં હજુ પણ એવા વિસ્તારો છે જ્યાં ઈન્ટરનેટ અને આધુનિક ડિજિટલ સાધનોની પૂરતી ઉપલબ્ધતા નથી. આવી સ્થિતિમાં ડિજિટલ અસમાનતા વધવાનો ભય પણ રહેલો છે. તેથી AIનો ઉપયોગ માનવીય મૂલ્યો અને શિક્ષકના માર્ગદર્શન સાથે સંતુલિત રીતે થવો જોઈએ.




કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા તૈયાર કરવામાં આવી રહેલો નવો AI અભ્યાસક્રમ ખાસ કરીને ધોરણ ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે વધુ આધુનિક અને વ્યવહારુ બનશે. ૨૦૨૭-૨૮ના શૈક્ષણિક સત્રથી તેનો અમલ શરૂ થવાની સંભાવના છે. આ મુજબ ૨૦૨૯માં ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ નવા AI અભ્યાસક્રમના આધારે પરીક્ષા આપશે. આ અભ્યાસક્રમમાં માત્ર સિદ્ધાંતો જ નહીં, પરંતુ પ્રયોગાત્મક જ્ઞાન, ડેટા વિશ્લેષણ, મશીન લર્નિંગ અને જવાબદાર AI જેવા વિષયોનો પણ સમાવેશ થવાની શક્યતા છે.

આજની દુનિયામાં AIનું મહત્વ સતત વધી રહ્યું છે. આવનારા સમયમાં અનેક વ્યવસાયો અને રોજગારીના ક્ષેત્રો AI સાથે જોડાયેલા હશે. તેથી વિદ્યાર્થીઓને સમયસર આ ટેક્નોલોજી સાથે પરિચિત કરવું રાષ્ટ્રીય વિકાસ માટે પણ જરૂરી બની ગયું છે. ભારત જો વૈશ્વિક જ્ઞાન અર્થતંત્રમાં અગ્રેસર બનવા માંગતું હોય, તો AI શિક્ષણનો વ્યાપ વધારવો સમયની માંગ છે.

શિક્ષણમાં AIનો સમાવેશ માત્ર અભ્યાસક્રમનો ફેરફાર નથી, પરંતુ તે ભવિષ્યની પેઢીને નવી દુનિયા માટે તૈયાર કરવાની એક દુરંદેશી પહેલ છે. શિક્ષકના માનવીય સ્પર્શ અને AIની બુદ્ધિશાળી ક્ષમતાઓનું સંયોજન શિક્ષણને વધુ ગુણવત્તાસભર, સર્વસમાવેશક અને ભવિષ્યલક્ષી બનાવી શકે છે. ૨૦૨૭થી અમલમાં આવનારો નવો છૈં અભ્યાસક્રમ આ દિશામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થઈ શકે છે.

# મેસ્સીની ઐતિહાસિક હેટ્રિકને કારણે ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાનો અલ્જેરિયા પર ૩-૦ થી વિજય




કેન્સાસ,

૩૮ વર્ષનો, પરંતુ જાદુ એનો એ જ રહે છે. જ્યારે દુનિયાને લાગવા લાગ્યું કે લિયોનેલ મેસ્સી તેની કારકિર્દીના અંતની નજીક છે, ત્યારે આર્જેન્ટિનાના હીરોએ ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ ની પહેલી જ મેચમાં એવું પ્રદર્શન કર્યું જે ફૂટબોલ ચાહકો વર્ષો સુધી યાદ રાખશે. મેસ્સીની ઐતિહાસિક હેટ્રિકને કારણે, ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ અલ્જેરિયા પર ૩-૦ થી વિજય મેળવીને પોતાના અભિયાનની શાનદાર શરૂઆત કરી.

કેન્સાસ સિટી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં મેસ્સીએ સંપૂર્ણ પ્રભુત્વ મેળવ્યું. તેણે ત્રણ શાનદાર ગોલ કરીને આર્જેન્ટિનાને વિજય તરફ દોરી જ નહીં, પરંતુ રેકોર્ડ્સની શ્રેણી પણ બનાવી. આ તેના વર્લ્ડ કપ કારકિર્દીની પહેલી હેટ્રિક હતી, જેમાં અનેક અગ્રણી વ્યક્તિઓના રેકોર્ડ તોડ્યા હતા. આ મેસ્સીનો છઠ્ઠો વર્લ્ડ કપ ટુર્નામેન્ટ છે, જેના કારણે તે છ અલગ અલગ ફિફા વર્લ્ડ કપમાં રમનાર વિશ્વનો પ્રથમ ફૂટબોલર બન્યો. પરંતુ રેકોર્ડ બનાવવાની સિલસિલો ત્યાં અટકી ન હતી. તેની હેટ્રિક સાથે, મેસ્સીએ તેના વર્લ્ડ કપ ગોલની સંખ્યા ૧૯ પર પહોંચાડી. આ સાથે, તેણે જર્મનીના દિગ્ગજ સ્ટ્રાઈકર મિરોસ્લાવ ક્લોઝના વર્લ્ડ કપમાં સૌથી વધુ ગોલ કરવાના રેકોર્ડની બરાબરી કરી. મેસ્સી અને ક્લોઝ હવે સંયુક્ત રીતે સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીઓ માટે વર્લ્ડ કપ ઈતિહાસમાં ટોચનું સ્થાન ધરાવે છે.

મેસ્સી એક જ વર્લ્ડ કપ મેચમાં એકથી વધુ ગોલ કરનાર સૌથી મોટી ઉંમરનો ખેલાડી પણ બન્યો. તેણે કેમરૂનના દિગ્ગજ ખેલાડી રોજર મિલાનો પાછલો રેકોર્ડ તોડ્યો. ૩૮ વર્ષ અને ૩૫૭ દિવસની ઉંમરે હેટ્રિક ફટકારીને, તેણે ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો રેકોર્ડ પણ તોડ્યો. રોનાલ્ડોએ ૩૩ વર્ષ અને ૧૩૦ દિવસની ઉંમરે વર્લ્ડ કપ હેટ્રિક ફટકારી હતી, જ્યારે મેસ્સીએ ઘણી મોટી ઉંમરે આ સિદ્ધિ હાંસલ કરી હતી. આર્જેન્ટિનાના કેપ્ટને વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી. તેણે બ્રાઝિલના દિગ્ગજ ખેલાડી પેલેના વર્લ્ડ કપમાં સૌથી વધુ ગોલ (ગોલ અને આસિસ્ટ) કરવાના રેકોર્ડને પાછળ છોડી દીધો. મેચ પહેલા, મેસ્સી અને પેલે બંનેના ૨૧-૨૧ ગોલ હતા, પરંતુ આ મેચમાં ત્રણ ગોલ કર્યા પછી, મેસ્સીનો આંકડો ૨૪ પર પહોંચી ગયો. હવે તેના વર્લ્ડ કપમાં ૧૯ ગોલ અને ૮ આસિસ્ટ છે. સૌથી વધુ ફિફા વર્લ્ડ કપ ગોલ સ્કોરર્સ, ૧૯ ગોલ - મિરોસ્લાવ ક્લોઝ, લિયોનેલ મેસ્સી, ૧૫ ગોલ - રોનાલ્ડો (બ્રાઝિલ), ૧૪ ગોલ - ગેર્ડ મુલર, કાયલિયન એમબાપ્પે, ૧૩ ગોલ - જસ્ટ ફોન્ટેન, ૧૨ ગોલ - પેલે, ૧૧ ગોલ - સેન્ડોર કોસિસ, જુર્ગેન ક્લિન્સમેન, ૧૦ ગોલ - હેલ્મુટ રાહન, ગેબ્રિયલ બાતિસ્તુતા, ગેરી લિનેકર, ટેઓફિલો ક્યુબિલાસ, થોમસ મુલર, ગ્રઝેગોર્ઝ લાટો

# લિયોનેલ મેસ્સી છ અલગ અલગ ફિફા વર્લ્ડ કપમાં રમનાર વિશ્વનો પ્રથમ ફૂટબોલર



કેન્સાસ ,

લિયોનેલ મેસ્સી ફૂટબોલની દુનિયામાં પહેલેથી જ એક દંતકથા છે, પરંતુ હવે આ આર્જેન્ટિનાના દિગ્ગજે એવી સિદ્ધિ હાંસલ કરી છે જે અન્ય કોઈ ખેલાડીએ ક્યારેય હાંસલ કરી નથી. મેસ્સીએ ફરી એકવાર ઈતિહાસમાં પોતાનું નામ નોંધાવ્યું કારણ કે તેણે ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ માં અલ્જેરિયા સામે મેદાનમાં ઉતર્યો.

કેન્સાસ સિટી સ્ટેડિયમમાં અલ્જેરિયા સામે આર્જેન્ટિનાના શરૂઆતના અગિયારના ભાગ રૂપે મેસ્સીએ મેદાનમાં ઉતરતાની સાથે જ તે છ અલગ અલગ ફિફા વર્લ્ડ કપમાં રમનાર વિશ્વનો પ્રથમ ફૂટબોલર બન્યો. તેણે આર્જેન્ટિના માટે પોતાનો ૨૦૦મો આંતરરાષ્ટ્રીય મેચ પણ રમ્યો, જે પોતાનામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

અત્યાર સુધી, જર્મનીના લોથર મેથૌસ, મેક્સિકોના રાફેલ માર્ક્વેઝ અને આન્દ્રેસ ગુઆર્ડાડો, મેક્સિકોના એન્ટોનિયો કાર્બાજલ અને જર્મનીના મેન્યુઅલ ન્યુઅર જેવા દંતકથાઓએ પાંચ વર્લ્ડ કપમાં રમવાનો રેકોર્ડ શેર કર્યો હતો. જોકે, મેસ્સીએ તે બધાને પાછળ છોડી દીધા અને એકલાએ જ આ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી. રસપ્રદ વાત એ છે કે, પોર્ટુગીઝ સ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો પણ છઠ્ઠો વર્લ્ડ કપ રમીને મેસ્સીના રેકોર્ડની બરાબરી કરી શક્યો હતો, પરંતુ હાલમાં, આ રેકોર્ડ ફક્ત આર્જેન્ટિનાના કેપ્ટન પાસે છે.

# ન્યુઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે ૨૦૨૬-૨૭ સીઝન માટે તેના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની જાહેરાત કરી

## અનુભવી બેટ્સમેન ડેવોન કોનવે અને ફાસ્ટ બોલર બ્લેર ટિકનરે ફરી એકવાર ન્યૂઝીલેન્ડના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં સ્થાન મેળવ્યું

મુંબઈ,

ન્યુઝીલેન્ડ ક્રિકેટે ૨૦૨૬-૨૭ સીઝન માટે તેના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની જાહેરાત કરી છે. સૌથી વધુ ચર્ચિત સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ બે ખેલાડીઓનું પુનરાગમન છે. અનુભવી બેટ્સમેન ડેવોન કોનવે અને ફાસ્ટ બોલર બ્લેર ટિકનરે તેમના પ્રભાવશાળી પ્રદર્શનને કારણે ફરી એકવાર ન્યૂઝીલેન્ડના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં સ્થાન મેળવ્યું છે.

છેલ્લા બે વર્ષથી કેઝ્યુઅલ પ્લેઈંગ એગ્રીમેન્ટ પર રહેલા ડેવોન કોનવેએ હવે સંપૂર્ણ સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ પર ફરીથી સહી કરી છે. ન્યુઝીલેન્ડ પાસે આગામી ૧૨ મહિનામાં ટેસ્ટ ક્રિકેટ રમવા માટે નોંધપાત્ર રકમ છે, અને કોનવેનું વાપસી ટીમ માટે એક મહત્વપૂર્ણ રાહત માનવામાં આવે છે. ૧૪૯ આંતરરાષ્ટ્રીય મેચ રમ્યા પછી, કોનવેએ ત્રણેય ફોર્મેટમાં ૯,૦૦૦ થી વધુ રન બનાવ્યા છે. દરમિયાન, ઝડપી બોલર બ્લેર ટિકનરે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાના પ્રભાવશાળી પ્રદર્શનથી પસંદગીકારોને સતત પ્રભાવિત કર્યા છે. ટિકનરે ન્યૂઝીલેન્ડ માટે પોતાની છેલ્લી આઠ ઈનિંગ્સમાંથી પાંચમાં ચાર કે તેથી વધુ વિકેટ લીધી છે. તેણે આયર્લેન્ડ સામેની તાજેતરની ટેસ્ટમાં પોતાની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની પહેલી પાંચ વિકેટ પણ મેળવી હતી.

કોનવે અને ટિકનરની વાપસી સાથે, આદિત્ય અશોક અને મોહમ્મદ અબ્બાસને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી બહાર કરવામાં આવ્યા છે. દરમિયાન, યુવા ખેલાડીઓ જેક ફોક્સ અને મિચ હેએ પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. બંનેને ગયા વર્ષે પહેલી વાર આ કોન્ટ્રાક્ટ મળ્યા હતા અને છેલ્લા ૧૨ મહિનામાં ત્રણેય ફોર્મેટમાં ન્યૂઝીલેન્ડનું પ્રતિનિધિત્વ કર્યું છે.

જેક ફોક્સે ૩૯ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે અને ઈંગ્લેન્ડ સામેની ૩-૦ શ્રેણી જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી છે, જેમાં તેમણે સાત વિકેટ લીધી છે. વિકેટકીપર-બેટ્સમેન મિચ હેએ ડિસેમ્બરમાં વેસ્ટ ઈન્ડીઝ સામે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું, તેમણે પોતાની એકમાત્ર ઈનિંગમાં ૯૧ રન બનાવ્યા હતા અને સ્ટમ્પ પાછળ ત્રણ કેચ લીધા હતા.

# અનુષ્કા અને વિરાટ પુત્ર અકય સાથે બેબી ડે પર બહાર ગયા, પાર્કમાં ક્વોલિટી ટાઈમ વિતાવ્યો



લંડન,

અનુષ્કા શર્મા અને વિરાટ કોહલી તેમના અંગત જીવનને ખાનગી રાખવાનું પસંદ કરે છે અને હવે તેઓ યુકેમાં રહે છે, લાઈમલાઈટથી દૂર. જોકે, આ સ્ટાર કપલ ભારતથી દૂર હોવા છતાં, વિદેશમાં તેમના ચાહકોની કોઈ કમી નથી. વિરાટ અને અનુષ્કાના ફોટા સોશિયલ મીડિયા પર સતત ટ્રેન્ડ કરી રહ્યા છે. સ્ટાર કપલના ફોટા ફરી એકવાર ઓનલાઈન હેડલાઈન્સમાં આવી રહ્યા છે. તાજેતરમાં અનુષ્કા અને વિરાટ તેમના પરિવાર સાથે બહાર જોવા મળ્યા હતા, અને આ સુંદર ક્ષણોના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. વાયરલ ફોટામાં અનુષ્કા અને વિરાટનો પુત્ર, અકય પણ તેમની સાથે જોવા મળી રહ્યો છે.

સોશિયલ મીડિયા પર ફરતા ફોટામાં, વિરાટ અને અનુષ્કા લોકો સાથે ગપસપ કરતા જોવા મળે છે. અનુષ્કા વાદળી શર્ટ અને ઢીલું પેન્ટ પહેરેલી જોવા મળે છે, જ્યારે વિરાટ બેજ પેન્ટ અને કાળી ટી-શર્ટ પહેરેલી છે. એક ફોટામાં, વિરાટ તેના પુત્ર, અકયને પકડીને પ્રેમ કરતો જોવા મળે છે. આ ફોટા સામે આવતાની સાથે જ, સોશિયલ મીડિયા યુઝર્સ પ્રતિક્રિયા આપવા લાગ્યા. એકે ટિપ્પણી કરી, "બેબી અકય અને વિરાટ કોહલી, કેટલો સુંદર ફોટો." બીજાએ લખ્યું, "કિંગ કોહલી લંડનમાં તેના પરિવાર સાથે ગુણવત્તાયુક્ત સમય વિતાવી રહ્યો છે." બીજાએ લખ્યું, "આટલા લાંબા સમય પછી, કેટલો સુંદર ફોટો."

વિરાટ અને અનુષ્કાના એક ચાહકે તાજેતરમાં જ ઈન્સ્ટાગ્રામ પર અમદાવાદમાં તેમની સાથેની મુલાકાતનો ફોટો શેર કર્યો. સ્ટાર કપલે ચાહક માટે એક હાથથી લખેલી નોંધ પણ છોડી, જેમાં લખ્યું હતું, "આશીનો મદદ માટે આભાર. અમારા તરફથી શુભકામનાઓ.

# હું બીજી ભૂમિકા ભજવીને બાઘા દ્વારા મળેલા સન્માનને બગાડવા માંગતો ન હતો : અમીન હાજી

## ફિલ્મ લગાન પછી મળેલા મોટાભાગના રોલ અમીને ઠુકરાવી દીધા અને લેખન તરફ વળ્યા



મુંબઈ,

આ વર્ષે આમિર ખાન અભિનીત 'લગાન' ની રિલીઝને ૨૫ વર્ષ પૂર્ણ થયા છે. આ ફિલ્મનું દરેક પાત્ર અનોખું હતું. અભિનેતા અમીન હાજીએ 'લગાન'માં બાઘાની યાદગાર ભૂમિકા ભજવી હતી. તેમણે તાજેતરમાં એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેમનું કહેવું છે કે ફિલ્મે તેમને બરબાદ કરી દીધા. જાણો અમીને આવું શા માટે અને કયા સંદર્ભમાં કહ્યું.અમીન હાજીએ ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેમણે સમજાવ્યું કે ફિલ્મમાં બાઘાના પાત્રે તેમના અભિનય સ્તરને એટલું ઊંચું કરી દીધું કે તે પછી તેમને મળેલા રોલ પસંદ ન આવ્યા. અમીન હાજીએ સમજાવ્યું કે ઓસ્કાર-નોમિનેટેડ ફિલ્મમાં બાઘાના પાત્રે તેમને વ્યાવસાયિક રીતે બરબાદ કરી દીધા.લગાને મને બરબાદ કરી દીધો: અભિનેતા અમીન હાજીએ ખુલાસો કર્યો કે આમિર ખાનની આશુતોષ ગોવારિકર ફિલ્મમાં બાઘાનું પાત્ર કોણે ભજવ્યુંતેમણે સમજાવ્યું કે ફિલ્મ પછી તેમને મળેલા મોટાભાગના રોલ તેમણે ઠુકરાવી દીધા. બાદમાં, તેમણે લેખન તરફ વળવાનું નક્કી કર્યું. અમીન હાજીએ કહ્યું, "હું બીજી ભૂમિકા ભજવીને બાઘા દ્વારા મળેલા સન્માનને બગાડવા માંગતો ન હતો. ઉપરાંત, હું બહુ સારો અભિનેતા નથી. 'લગાન'ની સ્ક્રિપ્ટ, દિગ્દર્શક અને ટીમે મને આટલું સારું કામ કરવાની મંજૂરી આપી. તે બધાએ મને મદદ કરી."

# અભિનેત્રી દિયા મિર્ઝાએ આબોહવા પરિવર્તન અને પર્યાવરણીય નુકસાન માટે પુરુષોને દોષી ઠેરવ્યા

## સોહા અલી ખાનના પોડકાસ્ટ પર બોલતા અભિનેત્રીએ પિતૃસત્તાક માળખાને વૈશ્વિક આબોહવાને નુકસાન પહોંચાડતુ ગણાવીને ટીકા કરી



મુંબઈ,

દિયા મિર્ઝા હવે તેના એક નિવેદનને કારણે વિવાદમાં ફસાઈ ગઈ છે. અભિનેત્રી હોવા ઉપરાંત, તે સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમની ગુડવિલ એમ્બેસેડર પણ છે. તાજેતરમાં, સોહા અલી ખાન સાથેની વાતચીતમાં, અભિનેત્રીએ પિતૃસત્તાક માળખાને વૈશ્વિક આબોહવાને નુકસાન પહોંચાડતી ગણાવીને ટીકા કરી હતી, જેના કારણે ઓનલાઈન ટ્રોલિંગ થઈ હતી. તેના નિવેદનમાં, દિયાએ જણાવ્યું હતું કે પુરુષો આબોહવા પરિવર્તન અને પરિણામે થતી અશાંતિ માટે જવાબદાર છે. આ નિવેદન બાદ સોશિયલ મીડિયાના એક મોટા વર્ગે અભિનેત્રીને નિશાન બનાવવાનું શરૂ કર્યું, જેના પર હવે દિયાએ પ્રતિક્રિયા આપી છે.

સોહા અલી ખાનના પોડકાસ્ટ પર બોલતા દિયા મિર્ઝાએ પુરુષોને આબોહવા પરિવર્તન અને પર્યાવરણીય નુકસાન માટે દોષી ઠેરવતા કહ્યું, "પિતૃસત્તા એ આબોહવા પરિવર્તનનું સૌથી મોટું કારણ છે. આ દુનિયામાં પુરુષો જ છે..." સોહાએ દિયાને અટકાવીને કહ્યું, "તમે પુરુષ અહંકાર વિશે વાત કરી." દિયાએ પછી આગળ કહ્યું, "હા, પુરુષોએ આબોહવા પરિવર્તનને વેગ આપ્યો છે અને આજે દુનિયામાં ચાલી રહેલી અશાંતિ માટે તેઓ જ જવાબદાર છે." અને આ ફક્ત ગ્લોબલ સાઉથમાં જ નહીં, પણ ગ્લોબલ નોર્થમાં પણ થઈ રહ્યું છે.સોશિયલ મીડિયા પર થઈ રહેલા વિરોધ પર પ્રતિક્રિયા આપતા, દિયા મિર્ઝાએ કહ્યું, "તમારામાંથી ઘણા લોકો આ અંગે ચર્ચા કરી રહ્યા હોવાથી, શક્ય તેટલી સરળ રીતે સમજાવવું શ્રેષ્ઠ છે. હું હજી પણ મારા નિવેદન પર અડગ છું કે 'પિતૃસત્તાએ આબોહવા સંકટનું કારણ બન્યું છે.' આબોહવા પરિવર્તનને ઘણીવાર પર્યાવરણીય કટોકટી માનવામાં આવે છે, પરંતુ તે ગહન અસમાનતાનું સંકટ પણ છે. સદીઓથી, પિતૃસત્તાક પ્રણાલીઓએ સત્તા કેન્દ્રિત કરી છે, સંભાળ કરતાં સંસાધનોના શોષણને પ્રાથમિકતા આપી છે, અને પ્રકૃતિ અને સંવેદનશીલ સમુદાયોને રક્ષણ કરતાં શોષણના પદાર્થો તરીકે જોયા છે."

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વા | ક્ષ | ર | વિ | લ | ર | દુ | નિ | યા | ધી | આ | લા |
| અ | ઐ | ભા | ન | ર | કે | સ | રી | કા | ર | મ | પ્ર |
| ભ | ક | ર | સ | પ્ર | દ | શ | લી | વિ | જ | વા | કી |
| બા | બં | ર | ળો | અં | ક | અં | દ | ત્રિ | પ્ર | ન | ર |
| ભો | સ | લા | દ | લ | જ્ઞા | ર | સ | ન | વે | કા | અઃ |
| ગ | ગં | ણા | દ | ત્રિ | ણા | બં | ણ | ણા | વા | ણી | ગ |
| મ | કા | કી | કો | બ | ધો | ર | ણ | અઃ | ક | સા | ર |
| કી | મા | ણ | મ | ર | દ | વિ | ગ | કુ | સા | ળ | અ |
| ણ | ચા | બા | મા | ફ | બ | બો | ર | દ | ક | ગં | નિ |
| દુ | ક્ષ | મા | કી | ભા | મ | ળ | ખ | કી | ધ | વે | મ |
| બં | વિ | કા | રા | ળ | બા | ઔ | કા | ણા | દ | દ | ગી |
| ધ | વા | ધા | ર | મો | દા | કા | લ | ન | બા | તી | હા |

શબ્દ શોધો

ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

# લોકપ્રિય ટીવી સીરિયલ "ક્યુંકી સાસ ભી કભી બહુ થી" ની કરિશ્મા તન્ના અને સ્મૃતિ ઈરાની ફરી મળ્યા



મુંબઈ,

અભિનેત્રી કરિશ્મા તન્નાએ તાજેતરમાં ખૂબ જ ભાવનાત્મક અને યાદગાર ક્ષણનો અનુભવ કર્યો જ્યારે તેણી લોકપ્રિય ટીવી સીરિયલ "ક્યુંકી સાસ ભી કભી બહુ થી" ની તેની સહ-અભિનેત્રી સ્મૃતિ ઈરાનીને મળી. સ્મૃતિએ "તુલસી" ની ભૂમિકા ભજવી હતી અને કરિશ્માએ આ સુપરહિટ શોમાં "ઈન્દિરા" ની ભૂમિકા ભજવી હતી. ટૂંક સમયમાં માતા બનવાની માતા કરિશ્માએ સોશિયલ મીડિયા પર આ મુલાકાતના ફોટા શેર કર્યા, જેમાં તેનો બેબી બમ્પ સ્પષ્ટપણે દેખાય છે.

આ ફોટામાં, કરિશ્મા ગ્રે ટોપ અને કાળા પેન્ટમાં જોવા મળે છે, જ્યારે સ્મૃતિ ઈરાની લાલ કુર્તામાં તેને પ્રેમથી ગળે લગાવતી જોવા મળે છે. ફોટા પોસ્ટ કરતા કરિશ્માએ લખ્યું, "મારી સફર આ શોથી શરૂ થઈ હતી, અને આજે, આટલા વર્ષો પછી, અમે અહીં છીએ."

કરિશ્માએ આગળ લખ્યું, "એવું લાગે છે કે એક સંપૂર્ણ વર્તુળ પૂર્ણ થઈ ગયું છે. આભાર, સ્મૃતિ ઈરાની. આ મુલાકાત ખરેખર ખાસ હતી." કરિશ્માના પતિ, વરુણ બંગેરા અને તેના પરિવારના બાકીના સભ્યો પણ આ ફોટામાં સ્મૃતિ સાથે જોવા મળે છે.

સ્મૃતિ ઈરાનીએ ઈન્સ્ટાગ્રામ પર કરિશ્મા તન્ના સાથેનો એક ખાસ ફોટો શેર કર્યો અને લખ્યું, "એક બાળકી માતા બનવાની છે. મારી પાસે હજુ પણ તે પાતળી છોકરીની તાજી યાદો છે જે ટીવી સ્ટુડિયોના કોરિડોરમાં ફરતી હતી. તેણીને ખબર નહોતી કે તે કેટલી અદ્ભુત સ્ત્રી બનશે."

# પત્નીના ખાતામાંથી પૈસા ઉપાડી લેવામાં આવ્યા, ખાતું હેક થયું, વિક્રાંત મેસી પણ સાયબર ક્રાઈમનો ભોગ બન્યો



મુંબઈ,

વિક્રાંત મેસી હાલમાં રાજકુમાર હિરાનીની "પ્રીતમ એન્ડ પેડ્રો" માટે સમાચારમાં છે, જેમાં તે નકારાત્મક ભૂમિકામાં જોવા મળશે. તાજેતરમાં, રાજકુમાર હિરાનીની ડેબ્યૂ સિરીઝનું ટ્રેલર રિલીઝ થયું હતું, જે સાયબર ક્રાઈમની દુનિયાને ઉજાગર કરે છે, જે હવે ફક્ત સામાન્ય લોકો જ નહીં પરંતુ અગ્રણી સેલિબ્રિટીઓને પણ અસર કરી રહી છે. ફિલ્મનું ટ્રેલર તાજેતરમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. વિક્રાંત મેસીએ પણ ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં હાજરી આપી હતી અને સાયબર ક્રાઈમ સાથેના પોતાના અનુભવો શેર કર્યા હતા. અભિનેતાએ ખુલાસો કર્યો હતો કે તે પોતે પણ પોતાના અંગત જીવનમાં ઘણી વખત સાયબર ક્રાઈમનો ભોગ બન્યો છે.

ટ્રેલર લોન્ચ દરમિયાન, વિક્રાંતે સાયબર ક્રાઈમ સાથેના પોતાના અને તેના પરિવારના અનુભવો વિશે ખુલ્લેઆમ વાત કરી, તેમણે જણાવ્યું કે કેવી રીતે તેની પત્નીના એકાઉન્ટમાંથી પૈસા ઉપાડવામાં આવ્યા છે અને તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પણ હેક કરવામાં આવ્યા છે. આ વિશે બોલતા, અભિનેતાએ કહ્યું, "આ મારી સાથે એક વાર નહીં, બે વાર નહીં, પરંતુ ત્રણ કે ચાર વાર બન્યું છે. મારું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બે વાર હેક કરવામાં આવ્યું છે, અને મારું ફેસબુક એકાઉન્ટ પણ હેક કરવામાં આવ્યું છે. મારી પત્ની (શીતલ ઠાકુર) ના એકાઉન્ટમાંથી બે વાર પૈસા ઉપાડવામાં આવ્યા છે."

# રાજકોટ હિરાણી કોલેજમાં પત્રકારત્વ અને પરફોર્મિંગ આર્ટસના અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ

## બી.જે.એમ.સી. અને એમ.જે.એમ.સી. જેવા પત્રકારત્વના અભ્યાસક્રમો, સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ પ્રવેશ મળશે

રાજકોટ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન અને સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં પત્રકારત્વ તથા પરફોર્મિંગ આર્ટસના સ્નાતક-અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવતી રાજકોટની શ્રી હિરાણી કોલેજ ઓફ જર્નાલિઝમ એન્ડ પરફોર્મિંગ આર્ટસમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જીકાસ પદ્ધતિ મુજબ પત્રકારત્વ અને પરફોર્મિંગ આર્ટસના વિવિધ અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.

કોલેજના મેનેજીંગ ટ્રસ્ટી ડો.વિવેક હિરાણીએ જણાવ્યું હતું કે, કોલેજમાં બી.જે.એમ.સી. અને એમ.જે. એમ. સી. જેવા પત્રકારત્વના અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી શકે છે.

પત્રકારત્વનો અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓ માટે અખબારો, ન્યૂઝ ચેનલો, મેગેઝીનો, વેબ પોર્ટલ, એફ.એમ. રેડિયો, આકાશવાણી, દૂરદર્શન તેમજ સરકારી-ખાનગી ક્ષેત્રમાં જનસંપર્ક અધિકારી સહિત અનેક કારકિર્દીની તકો ઉપલબ્ધ હોવાનું તેમણે જણાવ્યું હતું. કોલેજના અનેક વિદ્યાર્થીઓ વિવિધ મીડિયા સંસ્થાઓ તથા સરકારી નોકરીઓમાં સફળતાપૂર્વક કાર્યરત છે.

પરફોર્મિંગ આર્ટસ વિભાગ હેઠળ શુદ્ધ ભારતીય શાસ્ત્રીય ગાયન, તબલા વાદન અને કથક નૃત્યના બી.પી.એ. અભ્યાસક્રમમાં ધોરણ-૧૨ પાસ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે. બી.પી.એ. અને એમ.પી.એ. પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓ માટે શિક્ષણ, સ્વરોજગાર અને સરકારી નોકરીઓની વિશાળ તકો ઉપલબ્ધ હોવાનું કોલેજ દ્વારા જણાવાયું છે.

કોલેજમાંથી અભ્યાસ પૂર્ણ કરેલા અનેક વિદ્યાર્થીઓ દેશભરની કેન્દ્રીય વિદ્યાલયો અને શૈક્ષણિક સંસ્થાઓમાં સેવા આપી રહ્યા છે. એમ.પી.એ. બાદ પીએચ.ડી. કરવાની સુવિધા પણ ઉપલબ્ધ છે.

કોલેજમાં મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવામાં આવનાર હોવાથી પ્રવેશ ઇચ્છુક વિદ્યાર્થીઓએ જીકાસ ફોર્મ ભરી વધુ માહિતી માટે બપોરે ૧-૦૦ થી સાંજના ૭ સુધીમાં શ્રી હિરાણી કોલેજ ઓફ જર્નાલિઝમ એન્ડ પરફોર્મિંગ આર્ટસ, ધર્મેન્દ્રસિંહજી કોલેજ કેમ્પસ, હેમુ ગઢવી હોલ સામે, ટાગોર માર્ગ, રાજકોટ ખાતે રૂબરૂ અથવા મો. નં. ૯૮૭૯૨ ૩૯૫૫૮ ઉપર સંપર્ક કરવા જણાવાયુ છે.

# દ્વારકા-ભીમરાણા વિભાગમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાર્યને કારણે કેટલીક ટ્રેનોનું સંચાલન પ્રભાવિત રહેશે



રાજકોટ, પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન હેઠળ દ્વારકા અને ભીમરાણા સ્ટેશનો વચ્ચે વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે પુલિયા નિર્માણ કાર્ય અંતર્ગત આર.સી.સી. બોક્સ સ્થાપિત કરવાની મહત્વપૂર્ણ આધારભૂત સુવિધા સંબંધિત કામગીરી હાથ ધરવામાં આવશે. આ કાર્ય માટે બ્લોક લેવામાં આવશે.

રાજકોટ ડિવિઝનના વરિષ્ઠ ડિવિઝનલ વાણિજ્ય પ્રબંધક શ્રી સુનીલ કુમાર મીના મુજબ, આ બ્લોકને કારણે પ્રભાવિત થનારી ટ્રેનોમાં ટ્રેન નંબર ૧૯૨૦૯ ભાવનગર ટર્મિનસ-ઓખા એક્સપ્રેસ, જે ૧૭ જૂન, ૨૦૨૬ના રોજ ભાવનગર ટર્મિનસથી પ્રસ્થાન કરશે.

તેને દ્વારકા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે. તેથી આ ટ્રેન દ્વારકા અને ઓખા સ્ટેશનો વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેન નંબર ૧૯૨૧૦ ઓખા-ભાવનગર ટર્મિનસ એક્સપ્રેસ, જે ૧૮ જૂન, ૨૦૨૬ના રોજ દ્વારકા સ્ટેશન પરથી શોર્ટ ઓરિજિનેટ કરવામાં આવશે. તેથી આ ટ્રેન ઓખા અને દ્વારકા સ્ટેશનો વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

ટ્રેન નંબર ૧૯૨૫૨ ઓખા-વેરાવળ એક્સપ્રેસ, જે ૧૮ જૂન, ૨૦૨૬ના રોજ ઓખાથી તેના નિર્ધારિત સમય કરતાં ૧૫ મિનિટ મોડેથી રવાના થશે.પશ્ચિમ રેલવે મુસાફરોને વિનંતી કરે છે કે મુસાફરી પહેલાં ટ્રેનોના સમયપત્રક તથા સંચાલન સંબંધિત નવીનતમ માહિતી રેલવેની સત્તાવાર વેબસાઇટની મુલાકાત લેવી.

# રાજકોટમાં માય યુવા ભારત દ્વારા 'એક્સપેરિએન્શિયલ લર્નિંગ' કાર્યક્રમનો સમાપન સમારોહ યોજાયો





રાજકોટ, યુવા બાબતો અને રમતગમત મંત્રાલય, ભારત સરકારના માય યુવા ભારત રાજકોટ દ્વારા આયોજિત પાંચ દિવસીય 'એક્સપેરિએન્શિયલ લર્નિંગ' (અનુભવલક્ષી શિક્ષણ) કાર્યક્રમનો સમાપન સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે રાજકોટ કલેક્ટર ઓમ પ્રકાશના હસ્તે તાલીમાર્થી યુવાનોને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. જિલ્લા અધિકારી સ્વરૂપ દેશ ભરથાર તથા માય ભારતના રાજુભાઈ રાઠોડના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં યુવાનોને જાહેર વિતરણ પ્રણાલી અને સરકારી વહીવટી પ્રક્રિયાઓ અંગે વ્યવહારિક જ્ઞાન આપવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓએ અનાજના સંગ્રહથી લઈને લાભાર્થીઓ સુધી પહોંચતી સમગ્ર ડિજિટલ અને લોજિસ્ટિક્સ વ્યવસ્થાનો પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો હતો. કલેક્ટર ઓમ પ્રકાશે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી તેમના અનુભવો જાણ્યા હતા અને યુવાનોને દેશના વિકાસમાં સક્રિય ભાગીદાર બનવા માટે પ્રેરિત કર્યા હતા.

# રાજકોટમાં બાળકો માટે સ્વીમીંગ ટેલેન્ટ હન્ટ ચેમ્પિયનશીપ યોજાઈ



રાજકોટ, રાજ્યમાં પ્રથમ વખત ૪ થી ૧૪ વર્ષના બાળકોની તરણ સ્પર્ધાનું આયોજન રાજકોટ ડિસ્ટ્રીકટ સ્વીમીંગ એસો. દ્વારા ટેલેન્ટ હન્ટ ચેમ્પિયનશીપ-૨૦૨૬ સાથે કરાયું હતું. ફિઝીકલ સાથે મેન્ટલ હેલ્થનો સપોર્ટ મળે અને રમત- ગમત પ્રત્યે રૂચી વધે તે માટેની સ્પર્ધામાં ૧૫૦ ખેલાડીઓ જોડાયા હતા.

ડાયાભાઈ ઉકાણી સ્વીમીંગ પુલ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં એરપોર્ટ ડિરેકટર દિગંત બોહરા, પોસ્ટ રીજનલ ડીરેકટર પવનકુમાર દાલમિયા, એસો. પ્રમુખ અને પૂર્વ મંત્રી ઉમેશ રાજયગુરૂ, ઉદ્યોગપતિ નીતિનભાઈ હપાણી, સિધ્ધાર્થસિંહ ઝાલા, પરેશભાઈ બાબરીયા, પ્રકાશભાઈ કલોલા વગેરે હાજર રહ્યા હતા અને મોટીવેશન પુરૂ પાડયું હતું.

જે ભાઈ-બહેનોએ નવા રેકોર્ડ બનાવ્યા તેઓને ઈનામ આપવામાં આવ્યા હતા. આ ચેમ્પિયનશીપ સફળ બનાવવા મુખ્ય કોચ બંકીમભાઈ જોશીના માર્ગદર્શન હેઠળ વરૂણભાઈ ભરાડ, સ્મિત ઠાકર, મન જોગી, આર્યન જોષી, વેદાંત જોષી, મલ્હાર મહેતા, ભગવતીબેન જોષી, ઝીનલબેન પિત્રોડા, વેનેસાબેન શુકલા વગેરેની ટીમે જહેમત ઉઠાવી હતી.

# ૨૧ જૂને રાજકોટની આત્મીય યુનિ.માં 'મહા યોગ ઉત્સવ' યોજાશે

રાજકોટ,વિશ્વ યોગ દિવસના ઉપલક્ષમાં રાજકોટની ગિરિરાજ હોસ્પિટલ, આત્મીય યુનિવર્સિટી, ઈશા ફાઉન્ડેશન, ઈન્ડિયન મેડિકલ એસોસિએશન, રોટરી મેઈન, રોટરી પ્રાઈમ, રોટરી રોયલ, રોટરી ગ્રેટર, રોટરી મીડટાઉન તથા રોટરી મેટ્રોના સંયુક્ત ઉપક્રમે આત્મીય યુનિવર્સિટી કેમ્પસ ખાતે વિશાળ યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમના મુખ્ય આયોજક ગિરિરાજ હોસ્પિટલ છેલ્લા ૧૮ વર્ષથી દરિદ્રનારાયણ દર્દીઓની નિષ્ઠાપૂર્વક સેવા આપી રહી છે. આધુનિક આરોગ્યસેવાઓ સાથે હોસ્પિટલ હવે પ્રિવેન્ટિવ હેલ્થકેર, વેલનેસ, યોગ અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપી સમાજના સર્વાંગી આરોગ્ય માટે નવી પહેલ કરી રહી છે.આજના સમયમાં બદલાતી જીવનશૈલી, પ્રદૂષિત વાતાવરણ અને અનિયમિત ખાનપાનના કારણે ડાયાબિટીસ, હૃદયરોગ, બ્લડપ્રેશર, સ્થૂળતા અને માનસિક તણાવ જેવી સમસ્યાઓમાં સતત વધારો થઈ રહ્યો છે.આવા સંજોગોમાં યોગ માત્ર વ્યાયામ નહીં પરંતુ શરીર, મન અને ભાવનાઓ વચ્ચે સંતુલન સ્થાપિત કરતું વૈજ્ઞાનિક અને અસરકારક સાધન બની રહ્યું છે.

ઈશા ફાઉન્ડેશન દ્વારા ડિઝાઈન કરાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, ડોક્ટરો, હેલ્થકેર પ્રોફેશનલ્સ, શિક્ષકો, ઉદ્યોગ કર્મચારીઓ, ગૃહિણીઓ, વરિષ્ઠ નાગરિકો તેમજ સામાન્ય નાગરિકોને ભાગ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે. કાર્યક્રમ તા. ૨૧ જૂન, ૨૦૨૬ (રવિવાર)ના રોજ સવારે ૬:૦૦ થી ૭:૦૦ વાગ્યા દરમિયાન આત્મીય યુનિવર્સિટી કેમ્પસ ખાતે નિઃશુલ્ક યોજાશે.

કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ નોંધાયેલ સહભાગીઓને ટી-શર્ટ પણ આપવામાં આવશે. આ આયોજનને સફળ બનાવવા ડો મયંક ઠક્કર, ગૌરાંગ ઠક્કર, મેહુલ પરમાર, જીગ્નેશ રાઠોડ, શૈલેષ ગોટી મિનલ રાજગુરુ ટ્વિંકલ મહેતા, ધીરેન પટેલ જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટ રેલવેની પેન્શન અદાલતમાં ૨૨ કેસોનો તત્કાલ નિરાકરણ

## કેસોનો સ્થળ પર જ તત્કાલ નિકાલ કરીને પેન્શનરોને મોટી રાહત



રાજકોટ, પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા ૧૫ જૂન ૨૦૨૬ના રોજ પેન્શનરો અને પારિવારિક પેન્શનરોની સમસ્યાઓના ઝડપી નિવારણ માટે 'પેન્શન અદાલત'નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાપ્ત થયેલા તમામ ૨૨ કેસોનો સ્થળ પર જ તત્કાલ નિકાલ કરીને પેન્શનરોને મોટી રાહત આપવામાં આવી હતી.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, પેન્શન અદાલતના આયોજન પહેલાં પેન્શનરો અને પારિવારિક પેન્શનરો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી. પ્રાપ્ત થયેલી અરજીઓ પર અગાઉથી જ જરૂરી કાર્યવાહી કરીને કુલ ૨૨ કેસોને સુનાવણી માટે સૂચિબદ્ધ કરવામાં આવ્યા હતા,

આ કાર્યક્રમ દરમિયાન ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ ઉપસ્થિત વરિષ્ઠ પેન્શનરોનું સન્માન કર્યું હતું સાથે પેન્શનરોની સમસ્યાઓ પર માત્ર પેન્શન અદાલત દરમિયાન જ નહીં, પરંતુ સામાન્ય કામકાજના દિવસોમાં પણ એટલી જ ગંભીરતાથી ધ્યાન આપવામાં આવશે અને કાર્મિક તેમજ એકાઉન્ટ્સ વિભાગ દ્વારા તેમને સતત સહયોગ પૂરો પાડવામાં આવશે.

આ પ્રસંગે એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર બ્રિજેશ કુમાર સિંહ, સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસર અમૃત સોલંકી, સિનિયર ડિવિઝનલ ફાઈનાન્સ મેનેજર પવન કુમાર મીના સહિત કાર્મિક અને એકાઉન્ટ્સ વિભાગના અધિકારીઓ તેમજ કર્મચારીઓએ સક્રિયપણે ભાગ લઈ આ આયોજનને સફળ બનાવ્યું હતું.

# રાજકોટ ઈન્કમ ટેકસ કચેરીમાં વિશ્વ રકતદાતા દિનની ઉજવણી




રાજકોટ, ૧૪મી જુન વિશ્વ રકતદાતા દિવસ નિમિતે ૧૬ જુન ૨૦૨૬ના રોજ રાજકોટના મુખ્ય આવકવેરા કમિશનરની કચેરી ખાતે, સિવિલ હોસ્પિટલ, રાજકોટના સહયોગથી રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસર પર પ્રધાન આવકવેરા કમિશનર-૧ રાજકોટ ડો.સુનિલ ગૌતમ દ્વારા અધિકારીઓ અને કર્મચારીઓને વિશ્વ રકતદાતા દિવસની પ્રતિજ્ઞા લેવડાવી હતી. આ શિબિરમાં આવકવેરા પરિવારના સભ્યોએ રકતદાન કર્યું હતું.

# રાજકોટમાં સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિજનોના વિધાર્થીઓને રાહત દરે ફુલ સ્કેપ ચોપડાનું વિતરણ



રાજકોટ, શ્રી સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ વિધા પ્રસારક મંડળ દ્વારા દર વર્ષની જેમ જ્ઞાતિના વિધાર્થીઓ (ભાઈઓ/બહેનો) માટે રાહત દરે ફુલ સ્કેપ ચોપડાઓનું વિતરણ નવીનીકરણ બનેલ ધુમકેતુ હોલ મધ્યસ્થખંડમા કરવામાં આવેલ. જેમાં સમસ્ત બ્રહમ સમાજના ભુતપૂર્વ પ્રમુખ અને બ્રહમ અગ્રણી જનાર્દનભાઈ આચાર્ય, તથા લોર્ડસ સ્કુલના ટ્રસ્ટી ફોટોન ઈન્સ્ટીટયુના સંચાલક યોગેશભાઈ દવે, તથા યુવા મલ્ટીનેશનલ તજજ્ઞ ધવલ દવે, તથા મંડળના ટ્રસ્ટીઓ પ્રદિપભાઈ દવે તથા રાજુભાઈ મહેતા તથા ભરતભાઈ પાઠક ઉપસ્થિત રહેલ. પ્રમુખ જનકભાઈ મહેતાના માર્ગદર્શનમાં વિતરણ કાર્યક્રમ યોજાએલ. સંચાલન જયેશભાઈ જોષી દ્વારા કરવામાં આવેલ.

# રાજકોટ રેલ્વે ડિવિઝનના લાખાબાવળ પાસે માલગાડીનો અકસ્માત અટકાવનાર રેલ કર્મીનું સન્માન



રાજકોટ, પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક (જનરલ મેનેજર) રામાશ્રય પાંડેએ મુંબઈ સ્થિત મુખ્ય મથક (હેડક્વાર્ટર) ખાતે વિવિધ ડિવિઝનના કર્મચારીઓને તેમની ઉત્કૃષ્ટ સેફટી કામગીરી માટે સન્માનિત કર્યા હતા. જેમાં રાજકોટ ડિવિઝનના અશોક કુમાર, ટ્રેક મેન્ટેનર ગ્રેડ-૧ (મુખ્ય મથક-હાપા) પણ સામેલ છે, જેમને રેલવે સેફટી ક્ષેત્રે તેમના નોંધપાત્ર યોગદાન બદલ મહાપ્રબંધક સેફટી પુરસ્કાર થી સન્માનિત કરવામાં આવ્યા છે.

૨૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ શ્રી અશોક કુમાર, ટ્રેક મેન્ટેનર ગ્રેડ-૧, મુખ્ય મથક હાપા, જામનગર-લાખાબાવળ સેક્શનમાં કી-મેન તરીકે ફરજ પર હતા. નિયમિત ટ્રેક નિરીક્ષણ દરમિયાન લાખાબાવળ તરફ જતી વખતે તેમણે દૂરથી જોયું કે ટ્રેક નીચેની તરફ નમેલો દેખાઈ રહ્યો છે. પરિસ્થિતિની ગંભીરતાને ઓળખીને તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા અને તપાસ કરી, જ્યાં રેલ વેલ્ડ (ઠયહમ) માં ફ્રેક્ચર જોવા મળ્યું.

આ જ દરમિયાન લાખાબાવળ તરફથી એક માલગાડી તે સેક્શન તરફ આગળ વધી રહી હતી. તેમણે તરત જ લાલ ઝંડી બતાવીને માલગાડીને વેલ્ડ ફ્રેક્ચરવાળા સ્થળ પહેલાં જ સેફટી રીતે રોકી દીધી. ત્યારબાદ તેમણે જુનિયર એન્જિનિયર (પાથ વે), હાપા તથા અન્ય સંબંધિત અધિકારીઓને આ ઘટનાની જાણ કરી. તેમની સતર્કતા, કોઠાસૂઝ અને કર્તવ્યનિષ્ઠાને કારણે એક સંભવિત મોટો અકસ્માત ટળી ગયો.

તેમની આ પ્રશંસનીય કામગીરીથી રેલ સંચાલનની સેફટી સુનિશ્ચિત થઈ અને રેલવે સંપત્તિ તેમજ ટ્રેનોને સંભવિત નુકસાન થતું બચાવી શકાયું.રાજકોટના ડિવિઝન રેલ પ્રબંધક (ડીઆરએમ) ગિરિરાજ કુમાર મીનાએ પણ અશોક કુમારને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# દારૂના જથ્થા સાથે સાગર ચોકનો લાલો ઝડપાયો : ૬.૧૬ લાખનો મુદ્દામાલ જપ્ત

રાજકોટ:નાના મવા મેઈન રોડ પર દેવનગરમાં માલવિયાનગર પોલીસે દારૂ ભરેલી કાર સાથે બાલાજી હોલ સાગર ચોક પાસે રહેતા શખસને ઝડપી લીધો હતો. પોલીસે કારમાંથી રૂ.૧.૧૬ લાખનો ૪૩૨ બોટલ દારૂનો જથ્થો અને કાર સહિત રૂ.૬.૧૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ શખસ દારૂ કોની પાસેથી લાવ્યો હતો અને કોને સપ્લાલ કરવા જતો હતો? તે અંગે પોલીસ તપાસ ચલાવી રહી છે.

દરોડાની વિગત મુજબ, માલવિયાનગર પોલીસ મથકના પીઆઈ જે. એમ.કૈલાની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ કે.જી. ઝાલા, અજય વીકમા, કોન્સ્ટેબલ મનીષ સોઢીયા, ભાવેશ ગઢવી સહિતના સ્ટાફને બાતમી મળી હતી કે, નાના માવા મેઈન રોડ પર દેવનગર મેઈન રોડ શૈચાલય પાસે એક શખ્સ આઈ-૨૦ કાર નં. જીજે ૧૧ બીઆર ૨૫૭૯ લઈને ઉભો છે અને કારમાં દારૂનો જથ્થો છુપાવી રાખ્યો છે. જે બાતમીના આધારે પોલીસની ટીમે દરોડો પાડી કારચાલકની પૂછતાછ કરતા તેણે પોતાનું નામ હજરતઅલી ઉર્ફે લાલો ઈકબાલ શેખ (ઉ.વ. ૨૨ રહે. આરએમસી ક્વાર્ટર બ્લોક નંબર ૧૫, સાગર ચોક બાલાજી હોલ પાસે) હોવાનું જણાવ્યું હતું.પોલીસે કારમાં તપાસ કરતા ડેકીમાં ખાખી કલરના ત્રણ બોક્સ મળી આવ્યા હતા જેમાંથી રૂ. ૧,૧૬,૪૯૬ ની કિંમતનો ૪૩૨ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

# ઈરાન સંમત શરતોનું પાલન નહીં કરે તો યુદ્ધ અનિવાર્ય : અમેરિકા

## બંને દેશો વચ્ચેનો કરાર હજુ અંતિમ નથી, જો ઈરાન સંમત શરતોનું પાલન નહીં કરે તો યુએસ ફરીથી લશ્કરી કાર્યવાહી કરતા અચકાશે નહીં : ટ્રમ્પ

એવિયન,

દુનિયા યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચેના તાજેતરના કરાર પર નજીકથી નજર રાખી રહી છે. દરમિયાન, યુએસ પ્રમુખ ટ્રમ્પે ફરી એકવાર ઈરાનને કડક ચેતવણી આપી છે. ટ્રમ્પે સ્પષ્ટપણે કહ્યું કે બંને દેશો વચ્ચેનો કરાર હજુ અંતિમ નથી અને જો ઈરાન સંમત શરતોનું પાલન નહીં કરે, તો યુએસ ફરીથી લશ્કરી કાર્યવાહી કરવામાં અચકાશે નહીં. ટ્રમ્પનું નિવેદન સૂચવે છે કે બંને દેશો વચ્ચે તણાવ સંપૂર્ણપણે સમાપ્ત થયો નથી.

જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે શું કરાર અંતિમ છે, ત્યારે તેમણે જવાબ આપ્યો, "ના, તે અંતિમ નથી." તેમણે કહ્યું કે તે હાલમાં સમજૂતી પત્ર છે. ટ્રમ્પે કહ્યું, "જો મને તે ગમતું નથી, તો અમે ફરીથી તેમના પર ગોળીબાર શરૂ કરીશું." અમે ફરીથી તેમના માથા પર બોમ્બ ફેંકીશું." તેમણે પુનરોચ્ચાર કર્યો કે જો ઈરાન કરારની શરતોનું પાલન નહીં કરે, તો અમેરિકા ફરીથી લશ્કરી કાર્યવાહીનો આશરો લઈ શકે છે. ટ્રમ્પના આ નિવેદનને ઈરાનને સીધી ચેતવણી તરીકે જોવામાં આવી રહ્યું છે.

ટ્રમ્પે દાવો કર્યો હતો કે યુએસ-ઈરાન કરાર ખૂબ જ મજબૂત છે. તેમણે કહ્યું કે કોઈને તેની સંપૂર્ણ વિગતો ખબર નથી, પરંતુ તે ખૂબ જ મજબૂત કરાર છે. ટ્રમ્પના મતે, વૈશ્વિક બજારો આ કરારથી સૌથી વધુ ખુશ છે. તેમણે કહ્યું કે હોર્મુઝ સ્ટ્રેટ આગામી એક કે બે દિવસમાં સંપૂર્ણપણે ખુલી જશે. હોર્મુઝ વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ વેપાર માર્ગોમાંનો એક છે, અને ત્યાં સામાન્યતા પરત ફરવાથી વૈશ્વિક ઉર્જા પુરવઠા અને તેલ બજારને રાહત મળી શકે છે.

તાજેતરના અહેવાલો સામે આવ્યા છે કે કરાર હેઠળ, ઈરાનને ૩૦૦ પુનર્નિર્માણ માટે અબજ યુરો. ડોલરની સહાય ઉપલબ્ધ થઈ શકે છે. જોકે, ટ્રમ્પે આ દાવાઓને સંપૂર્ણપણે નકારી કાઢ્યા. તેમણે કહ્યું, "અમે ૧૦



સેન્ટ પણ આપવાના નથી. અમે કોઈ રોકાણ કરી રહ્યા નથી, અને અમારી પાસે આવું કોઈ ભંડોળ નથી." ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે અમેરિકા ઈરાનમાં કોઈ આર્થિક રોકાણ કરશે નહીં. તેમણે કહ્યું કે અમેરિકા ઈરાનને કોઈ પુનર્નિર્માણ પેકેજ આપશે નહીં.

ટ્રમ્પે કહ્યું કે તેઓ ગલ્ફ દેશો પર ઈરાનમાં રોકાણ કરવા માટે દબાણ કરી રહ્યા નથી. જોકે, તેમણે એમ પણ કહ્યું કે જો કોઈ ગલ્ફ દેશ રોકાણ કરવા માંગે છે, તો અમેરિકાને કોઈ વાંધો નહીં હોય. ટ્રમ્પે કહ્યું, "જો તેઓ રોકાણ કરે છે, તો તે ઠીક છે, પરંતુ મારું માનવું છે કે તેઓ થોડા સમય માટે ત્યાં સુધી આમ કરશે નહીં જ્યાં સુધી તેઓ ઈરાનના વર્તનનું સંપૂર્ણ મૂલ્યાંકન ન કરે." ટ્રમ્પનું નિવેદન સ્પષ્ટપણે દર્શાવે છે કે અમેરિકા હાલમાં ઈરાન પ્રત્યે સાવચેતીભર્યું વલણ જાળવવા માંગે છે, અને ભવિષ્યની કાર્યવાહી ઈરાનના પગલાં પર આધારિત રહેશે.

યુએસ પ્રમુખ ટ્રમ્પે ૨૦૧૫ ઈરાન પરમાણુ કરાર અંગે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ઓબામાની ટીકા કરી હતી. તેમણે બરાક ઓબામા પર પણ નિશાન સાધ્યું. ફ્રાન્સમાં જી-૭ સમિટ દરમિયાન, ટ્રમ્પે આરોપ લગાવ્યો કે ઓબામા વહીવટીતંત્રે ઈરાનને ઈ૧.૭ બિલિયન રોકડમાં લાંચ આપવાનો પ્રયાસ કર્યો હતો.

# બિહારમાં જાતિવાદી અને બેવડા અર્થવાળા અશ્લીલ ગીતો વગાડનારાઓ સામે થશે કડક કાર્યવાહી

## બિહારના તમામ જિલ્લાઓના જિલ્લા મેજિસ્ટ્રેટ, એસએસપી, પોલીસ અધિક્ષક અને અન્ય અધિકારીઓને અપાયો આદેશ

પટણા,

બિહાર સરકારે જાતિવાદી અને બેવડા અર્થવાળા અશ્લીલ ગીતો વગાડનારાઓ સામે કડક કાર્યવાહીની ચેતવણી આપી છે. મંગળવારે, સરકારે કહ્યું કે જાહેર સ્થળો અને કાર્યક્રમોમાં આવા વાંધાજનક ગીતો વગાડનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે, કારણ કે આ જાહેર શાંતિને ખલેલ પહોંચાડે છે. અહેવાલો અનુસાર, બિહારના તમામ જિલ્લાઓના જિલ્લા મેજિસ્ટ્રેટ, એસએસપી, પોલીસ અધિક્ષક અને અન્ય અધિકારીઓને એક પત્ર મોકલવામાં આવ્યો છે.

બિહાર સરકારે જાહેર સ્થળોએ અથવા કાર્યક્રમોમાં વાંધાજનક, બેવડા અર્થવાળા અને જાતિ આધારિત ગીતો ગાવા અથવા પ્રસારિત કરવા સામે કડક વલણ અપનાવ્યું છે. સરકારે ચેતવણી આપી છે કે શાંતિ અને સામાજિક સૌહાર્દને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. અહેવાલો અનુસાર, બિહાર સરકારના કલા અને સંસ્કૃતિ વિભાગના સચિવ પ્રણવ કુમારે મંગળવારે ગૃહ વિભાગને એક પત્ર લખીને આવા ગીતોના પ્રસારણ સામે કડક કાર્યવાહી કરવાની વિનંતી કરી હતી.

આ સમગ્ર બાબત અંગે જારી કરાયેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે, "રાજ્યમાં વિવિધ જાહેર સ્થળો, કાર્યક્રમો, બજારો, વાહનો, લગ્ન સમારોહ અને અન્ય સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સમાજમાં વિભાજનકારી લાગણીઓ ઉશ્કેરતા અશ્લીલ, બેવડા અર્થવાળા અને જાતિ આધારિત ગીતો ખુલ્લેઆમ વગાડવામાં આવી રહ્યા છે." પરિણામે, સમાજમાં ભાઈચારો અને સુમેળને પ્રોત્સાહન આપવાને બદલે, અશ્લીલતા, હિંસા, પરસ્પર દ્વેષ, દુશ્મનાવટ, કડવાશ અને અશાંતિ વધી રહી છે.

# બિહાર સહિત ૧૨ રાજ્યોમાં વાવાઝોડા સાથે ભારે વરસાદ અને મહારાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં ભારે ગરમીની આગાહી

## ઉત્તરપૂર્વ ભારત અને ઉપ- હિમાલયી પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં અલગ અલગ સ્થળોએ ભારે વરસાદની શક્યતા

નવીદિલ્હી,

બિહાર અને ઝારખંડ સહિત ઘણા રાજ્યોમાં વરસાદની આગાહી છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે દક્ષિણ પશ્ચિમ ચોમાસું તેલંગાણા, ઓડિશા, ઝારખંડ, બિહાર અને છત્તીસગઢના કેટલાક ભાગોમાં આગળ વધશે. વિભાગે આ અઠવાડિયે ઉત્તરપૂર્વ ભારત અને ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં અલગ અલગ સ્થળોએ ભારે વરસાદની શક્યતા અંગે પણ ચેતવણી આપી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે ૧૮ થી ૨૦ જૂન દરમિયાન બિહારના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના છે. ૧૮ થી ૨૨ જૂન દરમિયાન ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં પણ ભારે વરસાદની સંભાવના છે. ૨૨ જૂન સુધી આસામ અને મેઘાલયમાં ભારે વરસાદની આગાહી કરતા હવામાન વિભાગે જણાવ્યું હતું કે, "૧૮ થી ૨૨ જૂન દરમિયાન અરુણાચલ પ્રદેશમાં અલગ અલગ ભારે વરસાદની સંભાવના છે." હવામાન વિભાગે ૧૮ થી ૨૦ જૂન દરમિયાન નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ વરસાદની આગાહી કરી છે. આ સમયગાળા દરમિયાન આ વિસ્તારોમાં જોરદાર પવન ફૂંકવાની પણ શક્યતા છે. હાલની હવામાન પરિસ્થિતિઓ સૂચવે છે કે ૧૮ થી ૨૨ જૂન, ૨૦૨૬ દરમિયાન પશ્ચિમી હિમાલય ક્ષેત્રમાં હળવો થી મધ્યમ વરસાદ અને ઉત્તર-પશ્ચિમ ભારતના મેદાની વિસ્તારોમાં વાવાઝોડા સાથે એક નવો વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવશે.

# વિકાસ ફક્ત જીડીપી દ્વારા નહીં, પરંતુ તેના હેતુ, દિશા અને લાભાર્થીઓ દ્વારા માપવો જોઈએ : મોદી

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક નેતાઓ સમક્ષ આર્થિક વિચારસરણીમાં મોટા પરિવર્તનની જરૂરિયાત પર ભાર મૂક્યો

એવિયન,

ફ્રાન્સમાં ચાલી રહેલા G7 સમિટમાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક નેતાઓ સમક્ષ આર્થિક વિચારસરણીમાં મોટા પરિવર્તનની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે વિકાસ ફક્ત જીડીપી અથવા વેપારના આંકડાઓ દ્વારા માપવામાં ન આવે, પરંતુ કોણ વિકાસ કરી રહ્યું છે, કોના માટે અને કઈ દિશામાં છે તે જોઈને માપવો જોઈએ. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર પોતાના વિચારો શેર કરતા, પીએમ મોદીએ જણાવ્યું કે તેમણે "બધા માટે સંતુલિત, વહેંચાયેલ અને ટકાઉ આર્થિક વિકાસને પુનર્જીવિત કરવો" વિષય પર જી ૭ આઉટરીચ સત્રને સંબોધિત કર્યું.

આઉટરીચ સત્રના વિષય પર બોલતા, પીએમ મોદીએ કહ્યું, "તે સારું છે કે ફ્રાન્સના જી ૭ પ્રમુખપદે આ વિષયને મહત્વ આપ્યું છે." પરંપરાગત આર્થિક માળખાને પડકારતા, વડા પ્રધાન મોદીએ કહ્યું કે સમય આવી ગયો છે જ્યારે વિકાસ ફક્ત જીડીપી અથવા વેપારના આંકડાઓ દ્વારા માપવામાં ન આવે.

"વાસ્તવિક પ્રશ્ન એ નથી કે કેટલો વિકાસ થયો છે, પરંતુ કોના માટે, કોની સાથે અને કઈ દિશામાં થયો છે." વૈશ્વિક નીતિ નિર્માતાઓએ હવે વિકાસના સાચા હેતુ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને વધુ માનવીય અને સમાવિષ્ટ આર્થિક મોડેલ અપનાવવું જોઈએ.

વડાપ્રધાન મોદી સમિટ દરમિયાન સૌથી મહત્વપૂર્ણ બેઠકોમાંની એકમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરશે. આ બેઠકમાં વૈશ્વિક સુરક્ષા, વેપાર, ટેક્નોલોજી અને ભૂરાજકીય મુદ્દાઓ પર ચર્ચા થવાની અપેક્ષા છે. બંને



નેતાઓ દ્વિપક્ષીય વેપાર કરારોને વેગ આપવા અને સંરક્ષણ, ઊર્જા અને મહત્વપૂર્ણ ખનિજોના ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર પણ ચર્ચા કરશે. એક દિવસ પહેલા, બંને નેતાઓ અનૌપચારિક રીતે મળ્યા હતા અને સમિટમાં વાતચીત કરી હતી. ૧૬ મહિનામાં આ તેમની પ્રથમ સામ-સામે મુલાકાત હતી.

# ભારતે ફરી એકવાર અફઘાનિસ્તાનને આવશ્યક દવાઓનો મોટો જથ્થો મોકલ્યો

## ભારતે ફરી સંવેદનશીલ પાડોશી તરીકે પોતાની ફરજ નિભાવી

નવીદિલ્હી,

ભારતે ફરી એકવાર સંવેદનશીલ પાડોશી તરીકે પોતાની ફરજ નિભાવી છે. કાબુલને ૫ ટન આવશ્યક દવાઓનો વધારાનો જથ્થો પહોંચાડવામાં આવ્યો છે. ભારતે કટોકટીના સમયમાં મિત્ર રાષ્ટ્ર અને નજીકના પાડોશી અફઘાનિસ્તાનને આપેલી આ સહાયની સોશિયલ મીડિયા પર વ્યાપક પ્રશંસા થઈ રહી છે. જોકે, કેટલાક પાકિસ્તાન સમર્થકો અને પાકિસ્તાન પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા લોકો નારાજ છે. ભારતે ફરીથી અફઘાનિસ્તાનને આવશ્યક દવાઓ મોકલી છે. ભારતીય વિદેશ મંત્રાલયે પોતે એક્સ દ્વારા આ જાહેરાત કરી હતી, અને વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક્સ પર લખ્યું હતું: ભારતે કાબુલમાં ૫ ટન વધારાની આવશ્યક દવાઓ મોકલી છે, જે માનવતાવાદી સહાય અને અફઘાનિસ્તાનના લોકોની સુખાકારી પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરે છે. 'આપણે દૂરના મિત્રો ન બનવું જોઈએ, આપણે પહેલા પડોશી બનવું જોઈએ' સૈયદ ગુલામ રિઝવી નામના વ્યક્તિએ લખ્યું, "મારું માનવું છે કે આપણે આપણા પડોશીઓ સાથે સારા અને મજબૂત સંબંધો જાળવી રાખવા જોઈએ, કારણ કે આપણે આપણા પડોશીઓ સાથે સંઘર્ષ કરીને ભારતને મજબૂત બનાવી શકતા નથી. આપણે દૂરના મિત્રો હોઈ શકીએ કે ન પણ હોઈ શકીએ, પરંતુ પહેલા પડોશી બની શકીએ." બીજા હેન્ડલે લખ્યું, "અફઘાનિસ્તાનને ગુલાબ... પ્રેમથી... અમારા મિત્રો, અફઘાનિસ્તાન.

# પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મંત્રી અને ટીએમસી નેતા ઉદયન ગુહાની ધરપકડ

## વિવાદાસ્પદ અને ઉશ્કેરણીજનક નિવેદનો આપવા બદલ તેમના પર અનેક કેસ નોંધાયા છે

કોલકાતા,

પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મંત્રી અને ટીએમસી નેતા ઉદયન ગુહાની ધરપકડ કરવામાં આવી છે. કૂચ બિહાર પોલીસે તેમની ધરપકડ કરી છે. જો કે, પોલીસે હજુ સુધી ચોક્કસ કેસ સ્પષ્ટ કર્યો નથી જેમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર, બુધવારે સવારે, કૂચ બિહાર જિલ્લા પોલીસે કોલકાતાના ફૂલબાગન વિસ્તારમાંથી ઉદયન ગુહાની ધરપકડ કરી હતી. ધરપકડ તેમના ફ્લેટમાંથી કરવામાં આવી હતી.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે દિનહાટાના ભૂતપૂર્વ ધારાસભ્ય ઉદયન ગુહા છેલ્લા કેટલાક



સમયથી કોલકાતાના ફૂલબાગન પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્રમાં આવેલા એક ફ્લેટમાં રહેતા હતા. તેમની સામે અનેક બિનજામીનપાત્ર કેસ દાખલ થયા બાદ તપાસ એજન્સીઓ તેમના પર નજર રાખી રહી હતી. બુધવારે સવારે, કૂચ બિહાર જિલ્લા પોલીસની એક ખાસ ટીમે ફૂલબાગન ફ્લેટ પર અચાનક દરોડો પાડ્યો હતો. ટૂંકી પૂછપરછ બાદ, પોલીસ અધિકારીઓએ તેમની ધરપકડ કરવાનો નિર્ણય લીધો.

અગાઉ, ઉદયન ગુહા પર ભડકાઉ નિવેદનો આપવા અને હુમલો કરવાથી લઈને ચૂંટણી સંબંધિત હિંસા ભડકાવવા સુધીના ગંભીર ગુનાઓનો આરોપ મૂકવામાં આવ્યો છે. સૂત્રો કહે છે કે આ કાનૂની કાર્યવાહી દિનહાટા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અગાઉના કેસના સંદર્ભમાં કરવામાં આવી હતી. જો કે, જિલ્લા પોલીસે હજુ સુધી ધરપકડનું કારણ બનેલ ચોક્કસ કેસ સ્પષ્ટ કર્યો નથી.

# લોકસભા સ્પીકર ઓમ બિરલાએ અભિષેક બેનર્જીને સમન્સ પાઠવ્યા : ટીએમસી પોતાનો પક્ષ રજૂ કરશે

## સ્પીકર ઓમ બિરલા સાંસદો અને પાર્ટી હોદ્દાઓના વિલીનીકરણના મુદ્દા પર બંને પક્ષોને સાંભળશે

નવીદિલ્હી,

તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) માં ચાલી રહેલા રાજકીય વિવાદ વચ્ચે, લોકસભા સ્પીકરે પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અને સાંસદ અભિષેક બેનર્જીને ૧૯ જૂન (શુક્રવાર) ના રોજ પોતાનો પક્ષ રજૂ કરવા માટે બોલાવ્યા છે. સૂત્રો દ્વારા આ માહિતી જાહેર કરવામાં આવી છે. સ્પીકર ઓમ બિરલા સાંસદો અને પાર્ટી હોદ્દાઓના વિલીનીકરણના મુદ્દા પર બંને પક્ષોને સાંભળવા માંગે છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે ઓમ બિરલાએ ૧૯ જૂને અભિષેક બેનર્જીને ૨૦ બળવાખોર સાંસદો અને આ બાબતે તેમના વલણ અંગે ચર્ચા કરવા માટે બોલાવ્યા છે. વિધાનસભા ચૂંટણી બાદ ટીએમસીમાં વધતા મતભેદો વચ્ચે આ ઘટનાક્રમ સામે આવ્યો છે.

એવું જાણીતું છે કે ૧૪ જૂને કુલ ૨૦ બળવાખોર ટીએમસી સાંસદો સ્પીકર ઓમ બિરલાને મળ્યા હતા અને ત્રિપુરા સ્થિત રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી ઓફ ઈન્ડિયા સાથે તેમના જૂથના વિલીનીકરણ અંગે પત્ર સુપરત કર્યો હતો. તેમણે સંસદના નીચલા ગૃહમાં અલગ બેઠક વ્યવસ્થાની પણ માંગ કરી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સ્પીકર ઓમ બિરલા ૨૦ બળવાખોર સાંસદોની પરિસ્થિતિની સમીક્ષા કરી રહ્યા છે અને બંને જૂથોને સાંભળ્યા પછી નિર્ણય લેશે.

# બાંગ્લાદેશમાં કટ્ટરપંથીઓ તરફથી મળેલી ધમકીઓ બાદ ભગવાન રામની પ્રતિમાનું બાંધકામ અટકાવી દેવામાં આવ્યું

## બાંગ્લાદેશમાં તાજેતરના રાજકીય સંકટ પછી લઘુમતી હિન્દુ સમુદાયને સતત તોફાનીઓએ નિશાન બનાવ્યો

ઢાકા,

પડોશી બાંગ્લાદેશમાં લઘુમતીઓ, ખાસ કરીને હિન્દુઓ સામે હિંસા અને અત્યાચારની ઘટનાઓ વધી રહી છે. શેખ હસીનાની સરકારને હટાવ્યા પછી પરિસ્થિતિ વધુ વણસી છે. હવે, તાજેતરનો કિસ્સો રંગપુર વિભાગના પલાશબારી વિસ્તારમાંથી સામે આવ્યો છે, જ્યાં કટ્ટરપંથીઓના દબાણ હેઠળ ભગવાન રામની પ્રતિમાનું નિર્માણ કાર્ય અટકાવી દેવામાં આવ્યું છે.

મંદિર સમિતિએ માહિતી આપી છે કે તેમને કટ્ટરપંથી સંગઠનો તરફથી સતત ધમકીઓ મળી રહી છે. આ સંગઠનોએ ચેતવણી આપી હતી કે તેઓ મૂર્તિ તોડી પાડશે અને વિસ્તારમાં હિંસા ફેલાવશે. વિસ્તારમાં શાંતિ અને સુમેળ જાળવવા માટે, મંદિર મેનેજમેન્ટે હાલ માટે બાંધકામ કાર્ય સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે.

મંદિર સમિતિના એક સભ્યએ મીડિયાને જણાવ્યું હતું કે આ પગલું સમાજ અને દેશના હિતમાં લેવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે જો ભવિષ્યમાં જરૂર પડશે, તો તેઓ બધા પક્ષોને બોલાવશે અને તેમના સૂચનો લીધા પછી જ કાર્ય ફરી શરૂ કરવાનું વિચારશે.

"ઈન્સાફ કાયમકારી છાત્ર શ્રમિક જનતા" નામના કટ્ટરપંથી સંગઠન સાથે સંકળાયેલા એક ઉપદેશકે પ્રતિમા અંગે ધમકીઓ આપી ત્યારે સમગ્ર વિવાદ શરૂ થયો. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા નિવેદનોમાં, ઉપદેશકે માંગ કરી હતી કે પલાશબારીમાં બનાવવામાં આવી રહેલી ભગવાન રામની પ્રતિમાને બુલડોઝરથી તોડી પાડવામાં આવે. તેમણે વહીવટીતંત્રને અલ્ટીમેટમ આપ્યું કે જો સરકાર તેને દૂર નહીં કરે, તો જનતા પોતે તેને તોડી પાડશે.

# કર્ણાટકમાં આઠ વરિષ્ઠ અધિકારીઓના ૩૫ સ્થળોએ લોકાયુક્તે દરોડા પાડ્યા, ૩૧ કરોડની સંપત્તિ શોધી કાઢી

## બેંગલુરુ, દાવણગેરે, કાલાબુરાગી અને ચિકમગલુર જિલ્લામાં આરોપી અધિકારીઓના સંબંધીઓના ઘરો, ઓફિસો અને મિલકતો પર દરોડા

બેંગલુરુ,

કર્ણાટક લોકાયુક્તે આઠ અધિકારીઓ સામે અપ્રમાણસર સંપત્તિના કેસોમાં ૩૫ સ્થળોએ દરોડા પાડ્યા અને ૩૧ કરોડથી વધુની સંપત્તિ શોધી કાઢી. બેંગલુરુ શહેર, બેંગલુરુ ગ્રામીણ, દાવણગેરે, કાલાબુરાગી અને ચિકમગલુર જિલ્લામાં આરોપી અધિકારીઓના સંબંધીઓના ઘરો, ઓફિસો અને મિલકતો પર દરોડા પાડવામાં આવ્યા હતા.

લોકાયુક્ત કાર્યાલય તરફથી જારી કરાયેલી એક યાદી મુજબ, દરોડા દરમિયાન ૩૧.૧૧ કરોડથી વધુની સ્થાવર અને જંગમ સંપત્તિ જપ્ત કરવામાં આવી હતી. આ સંપત્તિઓમાં રહેણાંક મકાનો, જમીનના પ્લોટ, ખેતીની જમીન, વાણિજ્યિક મિલકતો, રોકડ, સોના-ચાંદીના દાગીના, વાહનો, બેંક ડિપોઝિટ અને અન્ય કિંમતી વસ્તુઓનો સમાવેશ થાય છે. જે અધિકારીઓના પરિસરની તપાસ કરવામાં આવી હતી તેમાં કર્ણાટક હાઉસિંગ બોર્ડના ટાઉન પ્લાનિંગના અધિક નિયામક રાજન્ના એસ.એલ., બેસ્કોમના સહાયક કાર્યકારી ઈજનેર ઉદય કુમાર એમ.બી., નાયબ વન સંરક્ષક હર્ષવર્ધન પી.એન., અને એનડબ્લ્યુકેઆરટીસીના મુખ્ય મિકેનિકલ ઈજનેર સિદ્ધેશ્વર એન.નો સમાવેશ થાય છે. શંકાસ્પદોમાં હેબ્બલનાકેઆરઆઈડીએલના સુપરિન્ટેન્ડેન્ટ એન્જિનિયર સન્ના કેંચપ્પા, બયાલુસીમ એરિયા ડેવલપમેન્ટ બોર્ડના સેક્રેટરી કૃષ્ણા નાઈક એલ.એ., જાહેર બાંધકામ વિભાગના સુપરિન્ટેન્ડેન્ટ એન્જિનિયર માણિક એસ. કનકટ્ટે અને સહાયક વન સંરક્ષક કે.એસ. મોહનનો સમાવેશ થાય છે.

લોકાયુક્તે જણાવ્યું હતું કે શોધ દરમિયાન આશરે ૨૨.૭૩ કરોડની સ્થાવર મિલકત અને ૮.૩૮ કરોડની જંગમ મિલકત મળી આવી હતી. સૌથી વધુ સંપત્તિ રાજન્ના એસ.એલ. પાસેથી મળી આવી હતી, જેમની સંપત્તિ અને કિંમતી વસ્તુઓનું મૂલ્ય ૭.૧૦ કરોડ હતું. માણિક એસ. કનકટ્ટે પાસે આશરે ૪.૯૫ કરોડની સંપત્તિ હોવાનું જાણવા મળ્યું હતું, જ્યારે હર્ષવર્ધન પી.એન. પાસે આશરે ૪.૮૫ કરોડની સંપત્તિ હોવાનું જાણવા મળ્યું હતું.

લોકાયુક્ત પોલીસે અનેક સ્થળોએથી મોટી માત્રામાં રોકડ, સોના અને ચાંદીના દાગીના, મોંઘા વાહનો અને બેંક ડિપોઝિટ પણ જપ્ત કરી હતી. એક કેસમાં, અધિકારીઓએ ૩૭ લાખ રોકડા અને ૧.૨૩ કરોડથી વધુ કિંમતના સોના-ચાંદીના દાગીના જપ્ત કર્યા. લોકાયુક્ત પોલીસે જણાવ્યું હતું કે અધિકારીઓએ તેમના જાણીતા આવકના સ્ત્રોતો કરતાં વધુ સંપત્તિ એકઠી કરી હોવાના આરોપોની તપાસનો આ ભાગ હતો. દસ્તાવેજો, નાણાકીય રેકોર્ડ અને મિલકત વ્યવહારોની વધુ તપાસ ચાલી રહી છે. આ કામગીરી તાજેતરના મહિનાઓમાં કર્ણાટક લોકાયુક્ત દ્વારા હાથ ધરવામાં આવેલા સૌથી મોટા અને સૌથી સંકલિત ભ્રષ્ટાચાર વિરોધી અભિયાનોમાંનું એક છે.

# સાયબર ગુનેગારો લોકોની મહેનતથી કમાયેલા પૈસા છીનવીને સમાજને ગંભીર નુકસાન પહોંચાડે છે : સીજેઆઈ સૂર્યકાંત

## કોર્ટે આવા સંગઠિત ગુનાઓ સામે લડવા માટે કડક પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો

નવીદિલ્હી,

સાયબર છેતરપિંડીના કેસોમાં કડક વલણ અપનાવતા, ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની બેન્ચે એક આરોપીને જામીન આપવાનો ઈનકાર કર્યો હતો. સુનાવણી દરમિયાન, કોર્ટે કડક ટિપ્પણી કરી હતી, જેમાં જણાવ્યું હતું કે સાયબર ગુનેગારો "પરોપજીવી" જેવા છે જે લોકોની મહેનતથી કમાયેલા પૈસા છીનવીને સમાજને ગંભીર નુકસાન પહોંચાડે છે. સીજેઆઈએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે આવા ગુનેગારો સાથે ઉદારતાથી વર્તવું જોઈએ નહીં, અને સમાજના શ્રેષ્ઠ હિતમાં તેમને જેલમાં રાખવા શ્રેષ્ઠ છે.






તેમણે એમ પણ કહ્યું હતું કે સાયબર ક્રાઈમ નેટવર્ક દેશભરમાં વ્યાપક છે. આરોપી વ્યક્તિઓ એક રાજ્યમાં છેતરપિંડી કરે છે અને પછી તેમની પ્રવૃત્તિઓ ચાલુ રાખવા માટે અન્ય રાજ્યોમાં મુસાફરી કરે છે, જેના કારણે આ ગુનાઓને નિયંત્રિત કરવું વધુ પડકારજનક બને છે. કોર્ટે આવા સંગઠિત ગુનાઓ સામે લડવા માટે કડક પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં "ડિજિટલ ધરપકડ" અને સાયબર છેતરપિંડીના વધતા જતા કેસોની સ્વતઃ નોંધ લીધી હતી. આ કાર્યવાહી અંબાલાના એક વૃદ્ધ દંપતીના પત્ર બાદ કરવામાં આવી હતી, જેમાં તેમણે ભોગવેલી છેતરપિંડીનું વર્ણન કર્યું હતું, જેમાં તેમણે પોતાના જીવનની બચત ગુમાવી હતી.

અગાઉ, સર્વોચ્ચ અદાલતે દેશભરમાં ડિજિટલ છેતરપિંડીના કેસોમાં કાર્યવાહી કરવા માટે તપાસ એજન્સી સીબીઆઈને છૂટ આપી હતી અને આવા કેસોનો સામનો કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોને કડક માર્ગદર્શિકા પણ જારી કરી હતી.

# બાબરાના કોટડાપીઠાની સીમમાંથી દારૂની ૧૩૨૦ બોટલ કિમત રૂા.૯,૩૫,૭૫૮નો મુદ્દામાલ ઝડપાયો



(મિલાપ રૂપારેલ દ્વારા)
અમરેલી:
અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત સાહેબ તેમજ લાઠી વિભાગીય પોલીસ અધિકારીને મળેલ બાતમીના આધારે અમરેલી જીલ્લામાંથી દારૂની બદી દુર કરવા માટે સઘન પેટ્રોલીગ રાખી તેમજ સફળ રેઈડો કરી કડક કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ છે.

જે અન્વયે બાબરા પોલિસ સ્ટેશનના પોલિસ ઈન્સ. આર.આર. પરમારની રાહબારી હેઠળ બાબરા પોલીસ સ્ટેશનના કોટડાપીઠા આઉટ પોસ્ટનો પોલીસ સ્ટાફે બાબરા તાલુકાના કોટડાપીઠા ગામથી રાયપર ગામના જુના માર્ગે આવેલ આરોપી પ્રવિણભાઈ મેપાભાઈ ચૌહાણ, (રહે. કોટડાપીઠા) વાળાના કબ્જા ભોગવટાવાળી વાડી-ખેતરની ઓરડીમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ રાખીને આરોપી પ્રવિણભાઈ મેપાભાઈ ચૌહાણ તથા આરોપી મહાવિર જગુભાઈ પટગીર (રહે. બન્ને કોટડાપીઠા) વાળાએ ભાગીદારીમાં કુલ બોટલ નંગ ૯૨૪ કિમત રૂા.૬,૪૩,૧૦૪ તથા ૭૫૦ ML ની કુલ બોટલ નંગ ૩૯૬ કિમત રૂપિયા ૨,૯૨,૬૪૪ મળી કુલ બોટલ નંગ-૧૩૨૦ કિમત રૂા.૯,૩૫,૭૫૮ નો મુદ્દામાલ વાડીની ઓરડીમાં રાખી વેચાણ તથા હેરાફેરી કરી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરતા હોય, આ રેઈડ દરમ્યાન બન્ને ઈસમો હાજર નહી મળી આવેલ ન હોય, જેથી તેઓના વિરૂધ્ધમાં બાબરા પોલીસ સ્ટેશનમાં પ્રોહિધારાની કલમ હેઠળ ગુન્હો દાખલ કરી બંનેને ઝડપી પાડવા માટે ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# અમરેલીમાં TET પરીક્ષાના મુદ્દે શિક્ષકોના હિત અને ન્યાય માટે એક દિવસીય ધરણા કાર્યક્રમ યોજાયો

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:
અમરેલી ખાતે અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા TET પરીક્ષાના વિવિધ પડતર પ્રશ્નો, શિક્ષક સમાજના હક્ક, ગૌરવ અને ભવિષ્ય સાથે જોડાયેલા મુદ્દાઓ અંગે ન્યાય મેળવવા માટે આજે અમરેલી ખાતે લીલીયા રોડ ઉપર આવેલ ભારતી બા ની વાડી ખાતે એક એક દિવસીય ધરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ પ્રેરિત અને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા માર્ગદર્શિત, અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આયોજિત આ કાર્યક્રમ અમરેલીના લીલીયા રોડ પર રોકડીયા હનુમાનની બાજુમાં આવેલ 'ભારતીબાની વાડી' ખાતે બપોરે ૨ થી ૫ વાગ્યા દરમિયાન યોજાયો હતો. આ કાર્યક્રમ માત્ર એક વિરોધ પ્રદર્શન ન રહેતા શિક્ષકોની અભૂતપૂર્વ એકતા, શક્તિ અને દ્રઢ સંકલ્પનું પ્રતીક બન્યો હતો.

આજના આ કાર્યક્રમમાં ૧૦૦૦થી વધુ શિક્ષકોના સિંહનાદથી સમગ્ર અમરેલી ગુંજી ઉઠ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત શિક્ષક સમુદાયને સંબોધિત કરતા જિલ્લા પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજા અને મહામંત્રી રસિકભાઈ મહેતાએ, પ્રવીણભાઈ કસવાળા એ જણાવ્યું હતું કે, શિક્ષક હિત એ જ આપણું પરમ ધ્યેય છે અને ન્યાય મેળવવો એ આપણો અધિકાર છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે "શિક્ષક સમાજ જાગશે, ત્યારે જ ન્યાયનો સૂર્ય ઉગશે."

આ તકે પ્રમુખ અને મહામંત્રીએજ શિક્ષકોના ન્યાયીક હક્કો માટે આગામી સમયમાં જો સરકાર દ્વારા યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે, તો સંગઠિત થઈને ધારદાર અને નિર્ણાયક લડત આપવા માટે સૌ શિક્ષકોને સજ્જ થવા જાહેર આહવાન કર્યું હતું, જેને તમામ શિક્ષકોએ પ્રચંડ ઉત્સાહ સાથે વધાવી લીધું હતું.

"એકતા આપણી તાકાત છે" ના બુલંદ નારાઓ સાથે યોજાયેલા આ ધરણા કાર્યક્રમમાં શિક્ષક સમાજની લાગણીઓ, અપેક્ષાઓ અને ન્યાયની માંગણીઓને વધુ મજબૂત ધાર આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ ખૂબ જ શાંતિપૂર્ણ અને શિસ્તબદ્ધ રીતે સંપન્ન થયો હતો અને અંતે તમામ પ્રીતિપાત્ર શિક્ષક મિત્રોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ ધરણા કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના કોષાધ્યક્ષ મહેન્દ્રભાઈ વિંછીયા, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ અમરેલીના પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજા, મહામંત્રી રસિકભાઈ મહેતા, પ્રવીણભાઈ કસવાળા તેમજ રાજ્યના હોદ્દેદાર ભાવનાબેન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે જિલ્લા તેમજ તાલુકા ઘટક સંઘના વિવિધ હોદ્દેદારો અને ખૂબ જ મોટી સંખ્યામાં શિક્ષક ભાઈઓ અને બહેનોએ ખભેખભા મિલાવીને હાજરી આપી હતી.

# પીવાના પાણીનો બગાડ કરનારાઓ સામે થશે ફોજદારી કાર્યવાહી : અમરેલી પાલિકા

## નળ કનેક્શન કાયમી ધોરણે કાપી નાખવા સુધીની પગલા ભરવામાં આવશે

(મિલાપ રૂપારેલ દ્વારા)
અમરેલી:
અમરેલી શહેરના નાગરિકને પૂરતા પ્રમાણમાં શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે અમરેલી નગરપાલિકા દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે મહી-પરીએજ યોજના, વડી ડેમ તેમજ ઠેબી ડેમ આધારિત પાણી વિતરણનું સુદ્રઢ આયોજન કરવામાં આવેલ છે. અમરેલી નગરપાલિકા દ્વારા ખૂબ જ મોટા પરિશ્રમથી પ્રત્યેક ઘર સુધી પીવાનું પાણી પહોંચાડવામાં આવે છે.

જેની સામે કેટલાક લોકો નગરપાલિકાના પ્રવર્તમાન 'વોટર બાય-લોઝ' અનુસાર પાણીનો આડેધડ વેડફાટ કરતા હોય છે. જે ગંભીર અને દંડનીય ગુનો બને છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી અમરેલી નગરપાલિકાના ધ્યાને આવ્યું છે કે, શહેરના કેટલાક વિસ્તારોમાં નાગરિકો દ્વારા પીવાના કિંમતી પાણીનો અત્યંત બેદરકારીપૂર્વક બગાડ કરવામાં આવી રહ્યો છે.

પાણી વિતરણના સમયે નળ ખુલ્લા છોડી દેવા, ડાયરેક્ટ નળી લગાવીને ઘર આંગણા, મકાનની દીવાલો કે જાહેર રોડ ધોવા, ફોર-વ્હીલર કે ટુ-વ્હીલર વાહનો ધોવા તેમજ ઘર અને એપાર્ટમેન્ટની પાણીની ટાંકીઓ ઓવરફ્લો થવા દેવી જેવી પ્રવૃત્તિઓ મારફત હજારો લીટર શુદ્ધ પાણી ગટરોમાં વહેવડાવી દેવામાં આવે છે. જે 'વોટર બાય-લોઝ'ની વિવિધ કલમો હેઠળ સરકારી સંપત્તિના નુકસાન અને ગુનાહિત બેદરકારીની શ્રેણીમાં આવે છે.

ત્યારે અમરેલી નગરપાલિકા દ્વારા આ પ્રકારે પાણીનો બગાડ કરતાં તમામ નગરજનોને કડક સૂચના આપેલ છે કે, પીવાના પાણીનો ઉપયોગ માત્ર અને માત્ર ઘરવપરાશ તથા પીવા માટે જ મર્યાદિત રાખવો. વાહનો અને આંગણા ધોવા કે રસ્તા પર પાણી છાંટવા માટે પાણીનો ઉપયોગ કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવે છે, તેમજ પાણીના ટાંકા ભરાઈ જાય એટલે ઓવરફ્લો અટકાવવા માટે તમામ મિલકત ધારકોએ 'ઓટો-કટ વાલ્વ સિસ્ટમ' લગાવવા અને ખાનગી નળ કનેક્શનના લીકેજ તાત્કાલિક પોતાના ખર્ચે રીપેર કરાવવાના રહેશે.

નગરપાલિકાના સેનિટરી અને ટેકનિકલ સ્ટાફની ટીમ દ્વારા હવેથી શહેરમાં પાણી વિતરણના સમયે જ શહેરમાં સઘન આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવશે. જો કોઈ પણ મિલકતધારક કાયદાનું ઉલ્લંઘન કરીને પાણીનો વેડફાટ કરતા પકડાશે, અને આ ચેકિંગ ટીમ સાથે ગેર વ્યવહાર કરતાં જણાશે તો 'વોટર બાય-લોઝ'ની જોગવાઈઓ અનુસાર તેમની સામે સ્થળ પર જ ભારે આર્થિક દંડ ફટકારવામાં આવશે.

આ ઉપરાંત, વારંવાર નિયમભંગ કરનાર ગ્રાહકોનું પાણીનું જોડાણ (નળ કનેક્શન) કોઈપણ પૂર્વ સૂચના વગર કાયમી ધોરણે કાપી નાખવામાં આવશે અને જરૂર જણાયે કાનૂની કલમો હેઠળ ફોજદારી કાર્યવાહી પણ હાથ ધરાશે, તેમ અમરેલી નગરપાલિકા દ્વારા એક યાદી જણાવાયું છે.

# રાજુલાના કોવાયા ગામે પરપ્રાંતિય યુવકને સિંહે ફાડી ખાધા બાદ શંકાસ્પદ ચાર સિંહોને પાંજરે પૂરાયા: મળમૂત્રના નમૂનાઓ પરથી નરભક્ષી સિંહની ઓળખ માટે તપાસ

(મિલાપ રૂપારેલ દ્વારા)
અમરેલી:
રાજુલા તાલુકાના કોવાયા ગામે પરપ્રાંતીય યુવકને સિંહે જીવલેણ હુમલા કરી ફાડી ખાધાની ઘટનાના અનુસંધાને વનવિભાગે છેલ્લા બે દિવસથી મોટા પાયે કાર્યવાહી હાથ ધરી હતી. આ૪ બનાવના ઘટનાસ્થળ અને આસપાસના વિસ્તારમાં સક્રિય રહેલા ચાર સિંહોના એક જૂથને પાંજરે પૂરવામાં આવતા સ્થાનિકોમાં રાહતની લાગણી ફેલાઈ છે. વનવિભાગ હવે આ ચારેય સિંહોની વૈજ્ઞાનિક તપાસ કરી આ હુમલામાં સંડોવાયેલા સિંહની ઓળખ કરવા તજવીજ હાથ ધરી છે.





આ બનાવમાં મળતી માહિતી મુજબ રાજુલાના કોવાયા ગામ નજીક એક પરપ્રાંતીય યુવક પર સિંહે હુમલો કરી તેનું મોત નિપજાવ્યાની ગંભીર ઘટના સામે આવ્યા બાદ વનવિભાગ હરકતમાં આવ્યું હતું. ઘટનાના બીજા જ દિવસે બે સિંહોને પકડવામાં આવ્યા હતા, જ્યારે વધુ તપાસ અને સર્ચ ઓપરેશન દરમિયાન આજે વધુ બે સિંહોને પણ પાંજરે પૂરવામાં વન વિભાગને સફળતા મળી છે. આમ કુલ ચાર સિંહોના ગૃપને કસ્ટડીમાં લેવામાં આવ્યું છે.

વનવિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ મૃતકના શરીર આસપાસ ચાર સિંહોની હાજરીના પુરાવા મળ્યા હતા. આથી સંભવિત રીતે હુમલામાં સામેલ તમામ સિંહોની ઓળખ માટે ચારેયને પકડી વિશેષ નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે. સિંહોના વર્તન, આરોગ્ય અને અન્ય પરિબળોની તપાસ ઉપરાંત તેમના મળમૂત્રના નમૂનાઓ પણ એકત્રિત કરવામાં આવ્યા છે.

વનતંત્ર દ્વારા મળમૂત્ર અને અન્ય ફોરેન્સિક પુરાવાઓના આધારે કયા સિંહે માનવ પર હુમલો કર્યો હતો તેની ઓળખ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. તપાસ પૂર્ણ થયા બાદ જ હુમલાખોર અથવા નરભક્ષી બનેલા સિંહ અંગે સ્પષ્ટતા થઈ શકશે. આ ઘટના બાદ કોવાયા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભયનો માહોલ સર્જાયો હતો. જોકે શંકાસ્પદ ચારેય સિંહોને પાંજરે પૂરવામાં આવતા સ્થાનિક રહેવાસીઓએ હાશકારો અનુભવ્યો છે.

બીજી તરફ વનવિભાગે લોકોને સાવચેતી રાખવા, રાત્રિના સમયે એકલા બહાર ન નીકળવા અને સિંહોના વસવાટ વાળા વિસ્તાર નજીક ખાસ તકેદારી રાખવા અપીલ કરી છે. આ સમગ્ર ઘટના આ પંથકમાં માનવ-સિંહ સંઘર્ષના વધતા બનાવોને લઈને ફરી એકવાર ચર્ચાનો વિષય બની છે.

# અમરેલી જિલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખે નર્મદાનું પાણી છોડવા કરી માંગ

(મિલાપ રૂપારેલ દ્વારા)
અમરેલી:
બાબરા તાલુકાના ખેડૂતો તેમજ સમગ્ર જિલ્લાના ખેડૂતો સિંચાઈ માટે પૂરતું પાણી મળી રહે અને ખેતીકારોને હાલની પરિસ્થિતિમાં રાહત મળે તે હેતુસર અમરેલી જિલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા દ્વારા નર્મદા યોજનાના પાણી ખેડૂતો સુધી પહોંચાડવા માટે ઉચ્ચ કક્ષાએ અસરકારક રજૂઆત કરવામાં આવી છે.

હાલમાં નર્મદા નહેરના કેટલાક વિસ્તારોમાં રીપેરીંગ અને જાળવણીની કામગીરીચાલી રહી છે. જોકે ખેડૂતોની લાગણી અને જરૂરિયાતોને ધ્યાનમાં રાખી મુકેશભાઈ ખોખરીયાએ જણાવ્યું છે કે રીપેરીંગ કામગીરી ઝડપથી પૂર્ણ થાય તો નર્મદાનું પાણી છોડવામાં આવે અને તેનો સીધો લાભ જિલ્લાના હજારો ખેડૂતોને મળી શકે.

ખેડૂતો તરફથી મળતી સતત રજૂઆતોને ધ્યાને લઈ તેમણે રાજ્ય સરકારના ઊર્જામંત્રી કૌશિકભાઈ વેકરિયા, લાઠી-બાબરા - દામનગરના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા તેમજ અમરેલી લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરીયા સમક્ષ પણ રજૂઆત કરી છે. ખેડૂતોના પ્રશ્નો પ્રત્યે સંવેદનશીલ નેતાઓએ આ બાબતને ગંભીરતાથી લઈ યોગ્ય સ્તરે રજૂઆત કરવાની ખાતરી આપી હોવાનું જાણવા મળે છે.

ખેડૂતોના હિત માટે સતત કાર્યરત ભાજપ કિસાન મોરચા દ્વારા કરવામાં આવેલી આ પહેલને ખેડૂતોમાં સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે. વરસાદી મોસમ પૂર્વે નર્મદાનું પાણી ઉપલબ્ધ બનશે તો ખેતીકારોને વાવેતરની તૈયારીમાં મોટી રાહત મળશે અને કૃષિ ઉત્પાદનને પણ વેગ મળશે.

જિલ્લાના ખેડૂતોને સમયસર સિંચાઈનું પાણી મળે તે માટે ભાજપના આગેવાનો દ્વારા કરવામાં આવતી સતત રજૂઆતો ખેડૂતો અને સરકાર વચ્ચેના સેતુરૂપ કાર્યનું ઉત્તમ ઉદાહરણ બની રહી છે. ખેડૂતોના પ્રશ્નોના ઝડપી અને હકારાત્મક નિરાકરણ માટે સરકાર પ્રતિબદ્ધ હોવાનું પણ આગેવાનોએ જણાવ્યું હતું.

# ઉના-વેરાવળ રોડ પર ગંભીર અકસ્માત:બેદરકારી ભર્યા ડ્રાઈવિંગે બે લોકોને પહોંચાડી ગંભીર ઈજાઓ

(કૈલૈશ ભટ્ટ દ્વારા) ઉના:ઉના-વેરાવળ રોડ પર શિલોજ બાયપાસ નજીક વધુ એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાતા બે વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માત બાદ નોંધાયેલી પોલીસ ફરિયાદના આધારે આરોપી બાઈક ચાલક સામે ગુનો નોંધી પોલીસે તપાસ શરૂ કરી છે. ઉના-વેરાવળ રોડ પર વારંવાર નાના-મોટા અકસ્માતો થતા હોવાથી માર્ગ સલામતી અંગે ફરી પ્રશ્નો ઊભા થયા છે.પોલીસ ફરિયાદ મુજબ ઉનાના નાથળ ગામના ડાયાભાઈ ભાણાભાઈ વંશ પોતાની હોન્ડા શાઈન બાઈક લઈને ઉનાથી પોતાના ગામ તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન જનતા ઓટો ગેરેજ નજીક આવેલા ભૂતડાદાદાના થાનક પાસે સામે તરફથી લાલ રંગની નંબર વગરની પલ્સર બાઈક અત્યંત ઝડપે અને બેદરકારીપૂર્વક આવી હતી. બાઈક ચાલકે સીધી તેમની બાઈકને ટક્કર મારી હતી.

ટક્કરની અસર એટલી ગંભીર હતી કે ડાયાભાઈ રોડ પર પટકાઈ ગયા હતા. તેમની પાછળ આવતી બીજી બાઈક પણ અકસ્માતની ઝપેટમાં આવી ગઈ હતી, જેના ચાલક ભાવેશ અરજણભાઈ ડાભીને પણ ઈજાઓ પહોંચી હતી.



સ્થાનિક લોકોની મદદથી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્તોને પ્રથમ ઉના સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ડાયાભાઈને માથા, મોઢા, દાંત તેમજ શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી છે. ઉપરાંત જમણા હાથની આંગળી, જમણા પગના પંજામાં અને અન્ય ભાગોમાં ફ્રેક્ચર જેવી ઈજાઓ હોવાનું તબીબોએ જણાવ્યું છે. ભાવેશ અરજણભાઈ ડાભીની પણ સારવાર ચાલુ છે.પોલીસ તપાસ દરમિયાન અકસ્માત સર્જનાર બાઈક ચાલકની ઓળખ સુરેશગીરી ભાણગીરી ગોસ્વામી (રહે. મોટા ડેસર, ઉના) તરીકે થઈ છે. તેમની સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તેમજ મોટર વ્હીકલ અધિનિયમની કલમ ૧૭૭, ૧૮૪ અને ૧૩૪ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

ઉના-વેરાવળ રોડને અકસ્માત ઝોન માર્ગ તરીકે ઓળખવામાં આવે છે, જ્યાં વારંવાર નાના-મોટા અકસ્માતો થતા રહે છે. સ્થાનિકોનું કહેવું છે કે આ માર્ગ પર વાહનોની અત્યંત ઝડપ અને પૂરતા સુરક્ષા ઉપાયોના અભાવે અકસ્માતો વધી રહ્યા છે. તેથી લામધાર બાયપાસથી ઉના શહેર તરફ આવતા અકસ્માત ઝોન વિસ્તારોમાં સ્પીડ બ્રેકર નાખવા, ચેતવણીના સૂચન બોર્ડ લગાવવા અને ટ્રાફિક નિયમોનો કડક અમલ કરાવવાની માંગ સ્થાનિકોએ તંત્ર સમક્ષ ઉઠાવી છે.જે સ્થળે અકસ્માત થયો હતો ત્યાંના લોકોએ જણાવ્યું હતું કે આ બાઈક ચાલક સુરેશગીરી ભાણગીરી ગોસ્વામી ચાલુ બાઈક પર પૈસાની ખોટી નોટો ઉડાવતો આવતો હતો અને તે જ સમયે આ અકસ્માત સર્જાયો હતો.

# વડિયામાં ખેડૂતે મામલતદારને કહ્યું, રસ્તાનો પ્રશ્ન નહીં ઉકેલાય તો ઝેરી દવા પી જઈશ

અમરેલી:વડીયા ગામે ત્રણેક દિવસ પહેલા મનસુખભાઈ સોજીત્રા નામ ખેડૂતે ઝેરી દવા પી આત્મહત્યા કરી લીધી હતી. પોલીસે કલાકોની જહેમત બાદ મહામુસીબતે મૃતકના પરિવારની ફરિયાદ નોંધી હતી. ૪ વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધવા આગ્રહ કરાતો હોવા છતાં માત્ર ૨ વિરુદ્ધ ફરિયાદ પોલીસે લીધી હતી.

આ ઘટના બાદ ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા અહીં દોડી આવ્યા હતા જેની હાજરીમાં અન્ય એક ખેડૂતે પણ રસ્તાના મુદ્દે ઝેરી દવા પીવાની ચીમકી ઉચ્ચારી હતી.મામલતદાર અને પ્રાંત કલેક્ટર દ્વારા હુકમ થયો હોવા છતાં તંત્ર દ્વારા છેલ્લા ત્રણ ચાર વર્ષથી જમીનનો રસ્તો કરી ન આપતા જીવરાજભાઈ સોજીત્રા પણ ઝેરી દવા પી આત્મહત્યા કરશે તેવું જણાવતા ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વડીયા મામલતદારને રૂબરૂ બોલાવેલ અને સમગ્ર હકીકત ખેડૂતે જણાવેલ હતી.અન્યથા ખેડૂતે ઝેરી દવા પીને આત્મહત્યા કરવાની ચીમકી મામલતદારને આપી હતી ત્યારે ૩- ૪ દિવસમાં જમીનના પ્રશ્નના નિરાકરણ કરવાની ખાત્રી મામલતદાર યોગેશ બારડે આપી હતી.મામલતદારે બુધવારે ખેડૂતને રૂબરૂ બોલાવ્યા હતા અને ૨૦૨૨માં જમીન બાબતે જે હુકમ થયો હતો તેનું મામલતદાર કચેરી દ્વારા સંપૂર્ણ પાલન કરાયું છે તેવી સમજ આપી હતી.

# મેરિયાણામાં ફેન્સિંગ તારમાં ફસાતા સિંહબાળનું મોત

અમરેલી:અમરેલી જિલ્લામાં સિંહો સહિતના વન્યપ્રાણીઓની સંખ્યામાં મોટા પ્રમાણમાં વધારો થયો છે. વનરાજો હવે વન વિસ્તાર છોડીને રેવન્યુ (માનવ વસવાટ અને ખેતીવાડી) વિસ્તાર તરફ વળ્યા છે, જેના કારણે આવી દુર્ઘટનાઓ વધી રહી છે. સાવરકુંડલા તાલુકાના મેરિયાણા ગામ નજીક આવેલી એક વાડીમાં ફેન્સિંગ તારમાં ફસાઈ જતાં આશરે ૬ માસના એક સિંહબાળનું કરુણ મોત નીપજ્યું છે.ઘટનાની વિગતો મુજબ, સિંહબાળ વાડીની ફરતે કરવામાં આવેલા ફેન્સિંગ તારમાં ગંભીર રીતે ફસાઈ ગયું હતું. આ અંગેની જાણ થતાં જ સાવરકુંડલા રેન્જના આરએફઓ (ઈર્હ્લં) સહિત વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી.



વન વિભાગના કર્મચારીઓએ ફેન્સિંગ તાર દૂર કરીને સિંહબાળને બચાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. જોકે, ફેન્સિંગ ગળાના ભાગે સખત રીતે વીંટળાઈ ગયું હોવાથી ગળું દબાઈ જવાને કારણે ગંભીર ઈજાઓ થઈ હતી, જેના લીધે સિંહબાળનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. વહેલી સવારે બનેલી આ ઘટનાથી સ્થાનિક પર્યાવરણપ્રેમીઓમાં ઊંડી ચિંતા અને અરેરાટી વ્યાપી ગઈ છે.સાવરકુંડલા રેન્જ વન વિભાગની ટીમે મૃત સિંહબાળનો કબજો મેળવીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સિંહબાળના મૃતદેહને મોતનું ચોક્કસ કારણ જાણવા માટે પોસ્ટમોર્ટમ અર્થે એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો છે. વન વિભાગ દ્વારા આ મામલે વાડી માલિક તેમજ આસપાસના વિસ્તારોમાં વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

# વડિયામાંથી ઘઉં, ચોખા, તુવેરદાળ અને ચણાના સરકારી પેકેટો સાથે વાહન ઝડપાયું



વડીયા:વડિયાના સદગુરુ નગર વિસ્તારમાં ગોરી સંજરઅલી સલીમભાઈ રહે.બીલખા નામનો શખ્સ ઘરે-ઘરેથી સરકારી અનાજ સસ્તા ભાવે ખરીદીને તેને ઊંચા ભાવે બજારમાં વેચવાનું મોટું કૌભાંડ ચાલી રહ્યું હોવાની ચોક્કસ બાતમી પુરવઠા વિભાગને મળી હતી. આ બાતમીના આધારે વડિયા મામલતદાર અને સર્કલ ઓફિસર કુલદીપસિંહ સિંધવની ટીમે તાત્કાલિક વોચ ગોઠવી હતી અને શંકાસ્પદ વાહનને દબોચી લીધું હતું.તંત્ર દ્વારા કરવામાં આવેલી આ તપાસ દરમિયાન ઘટનાસ્થળેથી ગેરકાયદેસર સરકારી અનાજનો જથ્થો વહન કરતા વાહન નંબર GJ-07-UU-8190 ઝડપાયું હતું. વાહનની તલાશી લેતા તેમાંથી ઘઉં, ચોખા, ચણા અને તુવેરદાળના સરકારી પેકેટો મળી આવ્યા હતા.

પુરવઠા વિભાગે અનાજનો જથ્થો, ગાડી અને એક ઈલેક્ટ્રીક વજન કાંટો મળી કુલ રૂ. ૯૯,૪૨૦/- નો મુદ્દામાલ સીઝ કર્યો છે. મામલતદાર તંત્ર દ્વારા જપ્ત કરાયેલો અનાજનો તમામ જથ્થો સરકારી ગોડાઉનમાં સુરક્ષિત રીતે જમા લઈ લેવામાં આવ્યો છે. વાહનને આગળની કાયદેસરની કાર્યવાહી માટે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જમા કરાવી દેવામાં આવી છે.